Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

भो भव्याः प्रविशतान्तरङ्गराज्ये प्रथममेव प्रष्टव्या गुरवः । सम्यगनुष्ठेयस्तदुपदेशः । विधेयाहिताग्निनेवाग्नेस्तदुपचर्या । कर्त्तव्यं धर्मशास्त्रपारगमनं । विमर्शनीयस्तात्पर्येण तद्भावार्थः । जनयितव्यस्तेन चेतसोऽवष्टम्भः । अनुशीलनीया धर्मशास्त्रे यथोक्ताः क्रियाः । पर्युपासनीयाः सन्तः । परिवर्जनीयाः सततमसन्तः । रक्षणीयाः स्वरूपोपमया सर्वजन्तवः । भाषितव्यं सत्यं सर्वभूतहितमपरुषमनतिकालं परीक्ष्य वचनं । न ग्राह्यमणीयोऽपि परधनमदत्तं । विधेयं सर्वासामस्मरणमसंकल्पनमप्रार्थनमनिरीक्षणमनभिभाषणं च स्त्रीणां । कर्तव्यो बहिरङ्गान्तरङ्गसङ्गत्यागः । विधातव्योऽनवरतं पञ्चविधः स्वाध्यायः ।

उपमितिभवप्रपंच.

पुस्तक २५ मुं. कार्तिक सं. १९६६ शाके १८३१. अंक ८ मो.

ॐ अर्हं नमस्तत्त्वाय.

## उपदेश पद.

**ભેરવી—કામ છે દુષ્ટ વિકારી, અહા! પ્રભુ! કામ છે દુષ્ટ વિકારી—એ રા**

**મસ્ત ભયો તન ધનમેં, મુસાફર! મસ્ત ભયો તન ધનમેં;**
**ઉઠ જાનાં એક છીનમેં, મુસાફર! મસ્ત ભયો તન ધનમેં. એ ટેક**

હંસ તન ડેરા છોડ ચલેગા, હંસા પરભવ વનમેં;
મીટ્ટીકા મઠ ફુંક દીએગા, મનકી રહેગી મનમેં. મુસાફર૦ ૧

અક્કડ ફક્કડ મુછ મરોડત, ત્રાસ પડાવત જનમેં;
પર્ણકુટી જાળવતાં આખર, ગીર પડેગી પવનમેં. મુસાફર૦ ૨

તન ધન વૈભવ સુપના જેસા, સંધ્યા રંગ ગગનમેં;
પલકી ખબર નહિ પ્રાણીને, રાવ રંક હોય છીનમેં. મુસાફર૦ ૩

ક્યા અભિમાન કરે મનમર્કટ, **સાંકલચંદ** સ્વજનમેં;
તન ધન અર્પણ કર પરમારથ, મન ધર પ્રભુકા ભજનમેં. મુસાફર૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ज्ञानसार सूत्र स्पष्टीकरण.

## ज्ञानाष्टक ( ५ )

( અનુસંધાન પૃષ્ઠ ૨૦૦ થી )

હવે પૂર્વપુણ્યયોગે પ્રાપ્ત થયેલી શુભ સામગ્રીની સફળતા કેમ થઈ શકે તે સ્પષ્ટ રીતે શાસ્ત્રકાર બતાવે છે—

स्वद्रव्यगुणपर्याय-चर्या वर्या पराऽन्यथा ।
इति दत्तात्मसंतुष्टि-र्मुष्टिज्ञानस्थितिर्मुनेः ॥ ५ ॥

ભાવાર્થ—સર્વ ખટપટ તજીને આત્માના ગુણપર્યાયનીજ પર્યાલોચના કરવી શ્રેષ્ઠ છે. અન્ય ઉપાધિમાં કંઇ પણ આત્મહિત નથી. એ પ્રમાણે આત્મામાં સહજ સંતોષકારી મુષ્ટિજ્ઞાનને મુનિ ભજે છે; એવી નિશ્ચિત દૃષ્ટિ રાખીને સંયમ માર્ગને સાધવો એજ કલ્યાણકારી સનાતન સાધુનો માર્ગ છે, અને એજ મોક્ષનો રાજમાર્ગ છે.

વિવરણ—જળમાં કે સ્થળ ઉપર પ્રવાસ કરનારને જે દિશા તરફ ગમન કરવાનું હોય તે ચોક્કસ લક્ષમાં રાખીને જ વાહન ચલાવવાથી ધારેલા સ્થાને પહોંચી શકાય છે, તેમ મુમુક્ષુ જનોને પણ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરતાં સ્વદ્રવ્ય ગુણ પર્યાયને પૂરતું લક્ષ રાખવાની જરૂર છે. જેમ જૂદા જૂદા ઘટમાં મૃદ્દ્રવ્ય[1] અને કુંડલ કટકાદિકમાં[2] સુવર્ણ દ્રવ્ય સામાન્ય વર્તે છે, તેમ દેવ મનુષ્યાદિક ગતિમાં આત્મ દ્રવ્ય સામાન્ય વર્તે છે. જેમ તલમાં તેલ, દૂધમાં ઘી અને કાષ્ઠમાં અગ્નિ રહે છે, તેમ પ્રત્યેક શરીરમાં આત્મ દ્રવ્ય વ્યાપીને રહે છે. એક મૃદ્દ્રવ્યના અનેક ઘટ–પર્યાય બને છે, એક સુવર્ણદ્રવ્યના કટક કુંડલાદિક અનેક આભૂષણરૂપ પર્યાય બને છે, તેમ એક આત્મ દ્રવ્યના પણ દેવ મનુષ્ય તિર્યંચ આદિક અનેક પર્યાય સંભવે છે શુદ્ધ પર્યાય અને અશુદ્ધ પર્યાય એમ બે પ્રકારનાપર્યાય હોય છે. દ્રવ્યમાં નિરંતર એકીભાવે રહેનારા ગુણ કહેવાય છે, અને ક્ષણે ક્ષણે અથવા ક્રમશઃ બદલાઇ જનારા પર્યાય કહેવાય છે. યતઃ " **सहभाविनो गुणाः क्रमभाविनश्च पर्यायाः** " અર્થાત્ દ્રવ્યની સાથેજ સદા એકીભાવે રહેનારા પર્યાયને ગુણ કહીને બોલવવામાં આવે છે, અને ક્રમે ક્રમે નવનવ રૂપને ધારણ કરનાર પર્યાયને ' પર્યાય ' સંજ્ઞા આપવામાં આવે છે; અથવા તો તેમને અનુક્રમે નિત્ય પર્યાય અને અનિત્ય પર્યાય કહેવામાં આવે છે. માટીમાં વર્ણ ગંધ રસ સ્પર્શ એ તેના નિત્ય પર્યાય છે, અને

---

૧ માટી. ૨ કડાં વિગેરેમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાસ, કુસૂલ, કલસાદિક તેના અનિત્ય પર્યાય છે. પીતતા, ચીકણાશ વિગેરે સોનાના નિત્ય પર્યાય યાને ગુણ છે, અને કટક કુંડલાદિક તેના અનિત્ય પર્યાય છે: તેવીજ રીતે જ્ઞાન દર્શન ચારિત્રાદિક આત્માના નિત્ય પર્યાય છે, અને નર્ક તિર્યંચાદિ અથવા દેવ મનુષ્યાદિ ગતિ તેમજ દેહ લક્ષ્મી વિગેરે તેના અનિત્ય પર્યાય છે. જેમ હંસ ક્ષીર નીરની વહેંચણ કરી ક્ષીર માત્રને ગ્રહણ કરી જળ માત્રને તજી દેછે, તેમ તત્ત્વજ્ઞાની ગુરૂના કૃપાથી જેનામાં સદ્વિવેક જાગ્યો છે તે સ્વપરને, ગુણ પર્યાયને, શુદ્ધ અશુદ્ધ ને, નિત્ય અનિત્ય વસ્તુને યથાર્થ ઓળખી જે શુદ્ધ, નિત્ય અને પોતાનીજ ખરી વસ્તુ છે તેને પકડી લે છે, અને જે અશુદ્ધ, અનિત્ય અને પર એવી ખોટી વસ્તુ છે તેને તજી દેછે. જેમ રાજહંસને સ્વાભાવિક રીતેજ માનસ સરોવરનાં નિર્મળ જળ માં રતિ થાય છે, તેમ સમ્યગ્ જ્ઞાનવાન વિવેકીને પણ આત્માના સ્વાભાવિક ગુણમ જ પ્રીતિ બંધાય છે. કદાચ કર્મવશાત્ તેને સંસારવ્યવહાર સેવવો પડે છે, તોપ તે તેમાં રાચતો નથી. તટસ્થપણે ગૃહવ્યવહારને સેવે છે. તેની અંતરંગ પ્રીત તો મોક્ષસાધનમાંજ લાગી રહે છે, તેનેજ સારભૂત સમજે છે; બાકીના સંસા પ્રપંચને કેવળ ઉપાધિરૂપ અને અસારજ સમજે છે. જેને ઘેબરના ભોજનમાં પ્રી લાગી હોય છે તે જેમ અન્ય ભોજન કરતાં છતાં ઘેબર મળવાની વાટ જોયા કરે છે ત જ્ઞાનવાન્ વિવેકી પણ કર્મવશાત્ ગૃહવ્યવહારને સેવતો છતો આત્મ સાધનના અ કાશને આતુરતાથી જોયા કરે છે. ગૃહવ્યવહારને સેવતાં છતાં દરેક વ્યવહારપ્રસ તેની વિવેકદૃષ્ટિ કેવી જાગૃત રહે છે, તેનો કંઇક ચિતાર શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારા પરમાત્માની દ્રવ્યપૂજાના સંબંધે વિવેકી ગૃહસ્થની અંતરંગ દૃષ્ટિ કેવી જાગૃત ર વી જોઇએ તે માટે બનાવેલા એક પદ ઉપરથી આવી શકશે, અને તે ઉપરથી ર ત્માર્થી ગૃહસ્થ ધારશે તેટલો ફાયદો મેળવી શકશે, એમ વિચારી તે પદ ટાંકી બતાવ્યું છે—

"પૂજા વિધિ માંહે ભાવિયેજી, અંતરંગ જે ભાવ ;
તે સવિ તુજ આગળ કહુંજી, સાહિબ સરલ સ્વભાવ;સુહંકર અવધારો પ્રભુ

દાતણ કરતાં ભાવિયેજી, પ્રભુ ગુણ જળ મુખ શુદ્ધ ;
ઉલ ઉતારી પ્રમત્તતાજી, હો મુજ નિર્મળ બુદ્ધ. સુહંકર૦ ૨

જતનાયે સ્નાન કરીજીએજી, કાઢો મેલ મિથ્યાત્વ ;
અંગુછે અંગ શોષવીજી, જાણું હું અવદાત. સુહંકર૦ ૩

ક્ષીરોદકનાં ધોતીયાંજી, ચિંતવો ચિત્ત સંતોષ ;
અષ્ટ કર્મ સંવર ભલોજી, આઠપડો મુખકોશ. સુહંકર૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓરશીયો એકાગ્રતાજી, કેસર ભક્તિ કલ્લોલ ;
શ્રદ્ધા ચંદન ચિંતવોજી, ધ્યાન ઘોળ રંગરોલ. સુહંકર૦ ૫
ભાળ વહું આણા ભલીજી, તિલક તણો તેહ ભાવ ;
જે આભરણ ઉતારિયેજી, તે ઉતારો પરભાવ. સુહંકર૦ ૬
જે નિર્માલ્ય ઉતારિયેજી, તે તો ચિત્ત ઉપાધિ ;
પખાલ કરતાં ચિંતવોજી, નિર્મળ ચિત્ત સમાધિ. સુહંકર૦ ૭
અંગલુહણાં બે ધર્મનાંજી, આત્મસ્વભાવ જે અંગ ;
જે આભરણ પહેરાવીએજી, તે સ્વભાવ નિજ ચંગ. સુહંકર૦ ૮
જે નવ વાડ વિશુદ્ધતાજી, તે પૂજા નવ અંગ ;
પંચાચાર વિશુદ્ધતાજી, તેહ ફૂલ પંચરંગ. સુહંકર૦ ૯
દીવો કરતાં ચિંતવોજી, જ્ઞાનદીપક સુપ્રકાશ ;
નયચિંતા ઘૃત પૂરિયુંજી, તત્ત્વ પાત્ર સુવિશાલ. સુહંકર૦ ૧૦
ધૂપ રૂપ અતિ કાર્યતાજી, કૃષ્ણાગરુનો જોગ ;
શુદ્ધ વાસના મહમહેજી, તે તો અનુભવ યોગ. સુહંકર૦ ૧૧
મદસ્થાનક અડ છાંડવાજી, તેહ અષ્ટ મંગલિક ;
જે નૈવેદ્ય નિવેદિયેજી, તે મન નિશ્ચલ ઠીક. સુહંકર૦ ૧૨
લવણ ઉતારી ભાવિયેજી, કૃત્રિમ ધર્મનો ત્યાગ;
મંગળ દીવો અતિ ભલોજી, શુદ્ધ ધરમ પરભાગ. સુહંકર૦ ૧૩
ગીત નૃત્ય વાજિત્રનોજી, નાદ તે અનહદ સાર;
સમરતિ રમણી જે કરીજી, તે સાચો થેઇકાર. સુહંકર૦ ૧૪
ભાવપૂજા એમ સાચવીજી, સત્ય બજાઓરે ઘંટ;
ત્રિભુવન માંહે તે વિસ્તરેજી, ટાળે કર્મનો કંટ. સુહંકર૦ ૧૫
એણી પરે ભાવના ભાવતાંજી, સાહેબ જસ સુપ્રસન્ન
જન્મ સફળ જગ તેહનોજી, તેહ પુરૂષ ધન્ય ધન્ય. સુહંકર૦ ૧૬
પરમ પુરૂષ પ્રભુ શામળાજી, માનો એ મુજ સેવ;
દૂર કરો ભવ આમળાજી, વાચક જસ કહે દેવ.” સુહંકર૦ ૧૭

આ પ્રમાણે વિવેકી ગૃહસ્થ પ્રભુની દ્રવ્ય પૂજા કરતાં અંતરંગ ભાવની શુદ્ધિથી જેમ અશુભ કર્મનો ક્ષય કરે છે, તેમ અન્ય સંસારવ્યવહારમાં ઉદાસીન રહેવાથી અશુભ કર્મનો બંધ કરતો નથી. આવા જ્ઞાની ગૃહસ્થો પણ, અલ્પ કાળમાં સંસારનો અંત કરે છે, અને કોઈક તો મહાશય પરિણામની અત્યંત વિશુદ્ધિથી નાગકેતુની પેરે તે ભવમાંજ મોક્ષપદને પામે છે. જેના હૃદયમંદિરમાં વિવેકદીપક પ્રગટ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તેને પરમાત્માના દર્શન થતાં કેટલો પ્રેમ જાગેછે, તેનું કંઈક વર્ણન ઉપાધ્યાયજીએ નીચેના એક પદમાં કરેલું છે. તેનું મનન કરીને અન્ય આત્માર્થી જનોએ પણ પ્રભુ પ્રત્યે એવોજ પ્રેમ જગાવવો ઘટેછે. પ્રભુ પ્રત્યે શુદ્ધ પ્રેમભાવ જગાવવાથી પરપુદ્‌ગલિક વસ્તુઓમાં અનાદિ અવિવેકયોગે બંધાયેલાં રાગાદિ બંધન આપોઆપ તૂટી જાય છે, અને આત્મા પ્રભુના પુષ્ટ આલંબનથી ઉપાધિજન્ય સુખદુઃખને દૂર કરી, સહજ સ્વાભાવિક આનંદમાં મગ્ન થાય છે.

### પદ—રાગ ગોડી.

### સંભવ જિન (જબ) નયન મિલ્યો હે.

પ્રગટે પુણ્યકે અંકૂર—તબથેં દિન મોહી સફલ વલ્યો હે;
અંગણે અમીયે મેહ વુઠા, જનમ તાપકો વ્યાપ ગલ્યો હે. સં૦ ૧
જેસી ભક્તિ તૈસી પ્રભુકરૂના, શ્વેત શંખમેં દૂધ મિલ્યો હે;
દર્શનથેં નવ નિધિ રિદ્ધિ પાઇ, દુઃખ દોહગ સબ દૂર ટલ્યો હે. સં૦ ૨
ડરત ફિરતહે દૂરહિં દિલથેં, મોહમલ્લ જિણે જગત્ર ભલ્યો હે;
સમકિત રત્ન લહું દરિસનસેં, અબ નવિ જાઉં કુગતિ રલ્યો હે. સં૦ ૩
નેહ નજર ભર નિરખતહી મુજ, પ્રભુશું હૈડો હેજ હલ્યો હે;
**શ્રી નય વિજય વિબુધ સેવકકું**, સાહેબ સુરતરૂ હોય ફલ્યો હે. સં૦ ૪

આત્મામાં સમતા, સરલતા અને નમ્રતાદિક ઉત્તમ ગુણ ખીલાવવાને ભક્તિ એ એક એવો અજબ અને સરલ ઉપાય છે કે તેનાથી કોઈ પણ પ્રકારના અપાયની શંકા વિના નિરંતર સહજ ગુણની વૃદ્ધિ થયાજ કરે છે. ભક્તિમાં સ્વાભાવિક રીતે નમ્રતાપૂર્વક ઉત્તમ પ્રકારની ભાવના બની રહે છેઃ એવી શુદ્ધ ભાવનામય ભકિતથી અશુભ વાસનાનો ક્ષય થાય છે, અને શુભ વાસના સહેજે પ્રગટે છે. ભકિતથી **સુનક્ષત્ર** અને **સર્વાનુભૂતિ** સાધુની પેરે આત્મા આરાધક ભાવને પામે છે. સાધક પુરૂષોને તો જ્ઞાન કરતાં પણ ભકિત સાધન તરીકે ઉત્તમ ગરજ સારે છે. શુદ્ધ ભાવનામય ભકિતથી આત્માના સહજ ગુણનો વિકાસ થાય છે, અને દોષ માત્રનો ક્ષય થાય છે. જ્ઞાનથી તો કવચિત્ મદ પણ સંભવે છે, પણ ભકિતમાં મદનો સંભવજ નથી; અથવા શુદ્ધ ભકિત એજ તત્ત્વથી જ્ઞાન દર્શન અને ચારિત્ર છે. શ્રીમદ્ ઉપાધ્યાયજીએ પણ **શાંતિનાથ** પ્રભુના સ્તવનમાં કહ્યું છે કે—

**" તાહરૂં ધ્યાન તે સમકિત રૂપ, તેહજ જ્ઞાન ને ચારિત્ર તેહછેજી; તેહથી જાવે સઘળાં હો પાપ, ધ્યાતા ધ્યેય સ્વરૂપ હોયે પછીજી. ધન્ય દિન વેળા ધન્ય ઘડી તેહ, અચિરાનો નંદન જિન યદિ ભેટશુંજી. "**

ગમે તેવા પ્રસંગે સાધુને કે ગૃહસ્થને આત્મકલ્યાણને માટે વારંવાર લક્ષપૂર્વક વિચારવું યોગ્ય છે કે **સત્તાએ** અનંત ગુણના સ્વામી એવા સિદ્ધ ભગવાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાન છતાં મારે સંસારમાં કેમ ભ્રમણ કરવું પડે છે? અનંત જ્ઞાન-દર્શન ગુણ આત્મામાં છતાં એક અજ્ઞ અથવા અંધની પેરે મારે કેમ મુંઝાવું પડે છે? અનંત આત્મિક સુખ છતાં મારે શામાટે તુચ્છ વિષયસુખની તૃષ્ણા અને તે માટે દીન-અનાથની પેરે દીનતા કરવી પડે છે? અને અનંત શક્તિનો અધિકારી છતાં નિર્બળ અશક્ત અને લાચારની પરે મારે શામાટે પારકી ઓશીયાળી ભોગવવી પડે છે? વળી આત્મા અમૂર્ત છતાં મારે શામાટે વિધવિધ રૂપ ધારવાં પડે છે? આત્મા અજર અમર અને અક્ષય છતાં મારે શામાટે વારંવાર જન્મ જરા અને મરણને વશ થવું પડે છે? આત્મા અગુરૂલઘુ છતાં મારે શામાટે નીચ ઉચ્ચ ગોત્ર ધારવાં પડે છે, અને આત્મા સહજ સુખવિલાસી છતાં મારે શામાટે પુદ્ગલિક સુખની આશાથી ઇષ્ટ અનિષ્ટ સંયોગ વિયોગમાં રતિ અરતિ ધારવી પડે છે? સમ્યગ્ જ્ઞાન-દર્શનયુક્ત વિવેકી આત્મા સારી રીતે સમજી શકે છે કે નિર્મળ સ્ફટિક રત્નની જેવું આત્માનું સ્વાભાવિક સ્વરૂપ શુદ્ધ છતાં અનાદિ કર્મ-ઉપાધિવડે આત્માનું સહજ સ્વરૂપ અંતર્હિત થઇ-અવરાઇ જઇ, વિભાવિક રૂપને ધારણ કરે છે, તેથીજ તેની આ દશા બને છે; પરંતુ એમ સમજ્યા બાદ પ્રમાદી થઇને બેસી રહેવું જોઇતું નથી. જો પ્રમાદ તજીને સાવધાનપણે સર્વજ્ઞ ભગવાને કર્મ-ઉપાધિને દૂર કરવાને સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપ જે જે સાધન કહ્યાં છે તેને યથાવિધિ સેવવામાં આવે તો અવશ્ય આત્મા અનુક્રમે અલ્પ કાળમાંજ પોતાના અવરાઇ ગયેલા સહજ શુદ્ધ સ્વભાવને પ્રાપ્ત કરી અખંડ પરમાનંદ સુખને પામી શકે. આવી અધ્યાત્મ દૃષ્ટિ જેને જાગી છે તે મહાશય દિવસે અને રાત્રે, સુતાં અને જાગતાં, વનમાં અને વસતિમાં, એકલા કે સમુદાયમાં સમાનભાવથી સ્વ સમીહિત સુખે સાધી શકે છે, એવી સમતાને સેવનાર સાધુ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ ચારિત્રરૂપ રત્નત્રયીનું આરાધન કરવાને અહોનિશ ઉજમાળજ રહે છે. જેમ તૈલબિંદુ જળાશયમાં ચોતરફ પસરી જાય છે તેમ સમતાવંત સાધુનાં જ્ઞાનદર્શન સર્વત્ર વિસ્તારને પામી શકે છે. હંસ જેમ માનસ સરોવરમાં મગ્ન થઇ રહે છે, તેમ તેવા સમતાવંત સાધુ પણ શુદ્ધ ચારિત્રમાંજ મગ્ન થઇ રહે છે. જેમ હંસ ક્ષીર જેવા મિષ્ટ જળનુંજ પાન કરે છે, બાકીના ગંદા જળનો ત્યાગ કરે છે, તેમ સમતાભાવી સાધુજનો પણ સદ્ગુણ માત્રનુંજ ગ્રહણ કરે છે, અને દોષ માત્રની ઉપેક્ષા કરે છે. એવા આત્મારામી સાધુને જે અનુભવરસનો આસ્વાદ મળે છે, તે સમતા વિના ગમે તેવી કષ્ટ કરણી કરનારને કદાપિ મળી શકતોજ નથી. આવા સમતાભાવી સાધુને અલ્પ જ્ઞાન પણ બહુ જ્ઞાનની ગરજ સારે છે. જેમ માસતુષ મુનિ ' मारुष मातुष' કોઇ ઉપર રોષ કરશો નહિ તેમ કોઇ ઉપર રાગ કરશો નહિ એટલા પણ સમ્યગ્જ્ઞાનના અવબોધવડે ઉત્તમ પ્રકારની સમતાને સેવી શિવસુખના ભાગી થયા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ શ્વેતાંબર યા દિગંબર બુદ્ધ કે ગમે તે સમતાવડે અવશ્ય મોક્ષનાં અધિકારી થઇ શકશે. આત્મામાં એવી સુખદાયી સમતા આવી છે કે નહિં, તેની જીવને અવસરે પ્રતીતિ થઇ શકે છે. જો ખરે અવસરે ગજસુકુમાળ, મેતાર્ય મુનિ, અવંતિસુકુમાળ, દૃઢપ્રહારી, ચિલાતીપુત્ર, ખંધક મુનિ, સુકોશલ મુનિ અને સ્કંદક સૂરિના ૫૦૦ શિષ્યોની પરે આત્મા સર્વ પરભાવને છંડી નિજ સ્વભાવમાંજ અડગ રહે, કોઇ ઉપર લવલેશ પણ રાગ દ્વેષ ન કરે, તો તે સમતા રસમાં મગ્ન થયો કહેવાય. એવી સહજ સમતાને સેવનાર શુદ્ધ ચારિત્રપાત્ર સાધુ પુરૂષોજ મોક્ષના ખરા અધિકારી છે. મુનિના મુષ્ટિજ્ઞાનનું કંઇક સ્વરૂપ બતાવીને પુનઃ હેતુ યુક્તિવડે સમ્યગ્ જ્ઞાનનું મહાત્મ્ય શાસ્ત્રકાર કહે છે—

अस्ति चेद् ग्रंथिभिद्ज्ञानं, किं चित्रैस्तंत्रयंत्रणैः ।
प्रदीपाः क्वोपयुज्यंते, तमोघ्नी दृष्टिरेव चेत् ॥ ६ ॥

**ભાવાર્થ**—જો મિથ્યાત્વરૂપી ગાંઠને ભેદી નાંખનારૂં સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું તો પછી ભિન્ન ભિન્ન શાસ્ત્ર જાણવાના પરિશ્રમવડે શું ? જો સ્વાભાવિક રીતેજ અંધકારને નાશ કરનારાં ચક્ષુ પ્રાપ્ત થયાં હોય તો પછી કૃત્રિમ દીપક કરવાનું પ્રયોજન શું?

વિવરણ---જો રાગદ્વેષમય મિથ્યાત્વમોહની નિબિડ ગાંઠને તોડવાવાળું સમ્યગ્ દર્શન–જ્ઞાન પ્રગટ થાય તો ભિન્ન ભિન્ન શાસ્ત્રોમાં પરિશ્રમ કરવાનું વિશેષ પ્રયોજન રહે નહિં. કેમકે શાસ્ત્રપરિશ્રમવડે જે પ્રાપ્તવ્ય હતું તે તો પ્રાપ્ત થઇજ ગયું છે. શાસ્ત્રપરિશ્રમ કરવાનું મુખ્ય પ્રયોજન વસ્તુતત્ત્વને સ્ફુટ રીતે જાણી તેની સારી રીતે પ્રતીતિ કરવાનું હોય છે, તે જો તત્ત્વજ્ઞાન અને તત્ત્વદર્શનવડેજ સિદ્ધ થઇ ચુકયું હોય તો પછી જુદાં જુદાં મતમતાંતરીય શાસ્ત્રો જોવાનું, તેમાં વધારે પરિશ્રમ લેવાનું વિશેષ પ્રયોજન શું ? ગમે તે રીતે સ્વતઃ કે પરતઃ સમ્યગ્ જ્ઞાન–દર્શનનો લાભ થયો હોય તો પછી શાસ્ત્રપરિશ્રમની વિશેષ ગરજ રહેતી નથી. કેમકે જે શાસ્ત્રપરિશ્રમથી કરવાનું કે પામવાનું છે તે સમ્યગ્ જ્ઞાનદર્શનવડે જ કરી કે પામી શકાય છે. જો અંધકારને સહજમાં દૂર કરી નાંખે એવી દૃષ્ટિજ સ્વાભાવિક રીતે પ્રાપ્ત થઇ હોય તો અનેક ઉપાધિયુક્ત કૃત્રિમ દીવા કરવાનું કામ શું ? કંઇજ નહિ. કેમકે જે અંધકાર ઉપાધિયુકત કૃત્રિમ દીવા કરવાથી ટળેછે તે અંધકારને સ્વાભાવિક રીતે પ્રાપ્ત થયેલી દિવ્ય દૃષ્ટિજ દૂર કરી શકેછે. દેવતાઓને તેમજ સાતિશય જ્ઞાની પુરૂષોને એવી દિવ્ય ચક્ષુ સ્વાભાવિક રીતેજ પ્રગટે છે. પછી તેમને અંધકાર દૂર કરવાને અને તેજોમય પ્રકાશ પ્રાપ્ત કરવાને કૃત્રિમ એવા દ્રવ્ય દીપકની કંઇ પણ અપેક્ષા રહેતી નથી. દેવતાને અવધિ જ્ઞાનરૂપ દિવ્ય ચક્ષુ અને શેષ સાતિશય જ્ઞાનીને પણ જ્ઞાનરૂપ દિવ્ય ચક્ષુ સ્વાભાવિક રીતેજ પ્રગટે છે. જ્ઞાનરૂપ દિવ્ય ચક્ષુને અંતરંગ ચક્ષુ પણ કહે છે. તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંતરાત્મામાં સ્વાભાવિક પ્રકાશ થઈ રહે છે; પછી તેને બાહ્ય એવા કૃત્રિમ દીપકના પ્રકાશની કંઈ ગરજ રહેતીજ નથી. આવા અંતર પ્રકાશથી આત્માના સ્વાભાવિક ગુણ દોષનું સારી રીતે ભાન થાય છે. તેથી અંતર આત્મા વિવેકથી અનાદિ રાગ દ્વેષ અને મોહાદિક દોષોને દૂર કરવા અને સમ્યગ્ જ્ઞાનદર્શન રૂપ દિવ્ય ચક્ષુવડે પ્રાપ્ત કરવા યોગ્ય નિર્મળ ચારિત્રગુણને સમતા પૂર્વક સેવવાને સાવધાન થાય છે. પ્રથમ પ્રારંભમાંજ તે, રાગદ્વેષમય નિબિડ ( આકરી ) એવી મિથ્યાત્વ મોહની ગાંઠને અપૂર્વ વીર્યોલ્લાસયુક્ત તીક્ષ્ણ પરિણામની ધારાથી તોડીને પછી અનુક્રમે ક્રોધાદિ કષાય-મોહનીય અને હાસ્યાદિક નોકષાય-મોહનીયને ક્ષય-ઉપશમ કરવાને પ્રવૃત્ત થાય છે; જેમ જેમ તે ઘાતિ કર્મનો ક્ષય-ઉપશમ થતો જાય છે, તેમ તેમ સત્તાગત રહેલા પણ અંતર્હિત થયેલા ( અવરાઈ ગયેલા ) આત્માના સહજ સ્વાભાવિક ગુણો પ્રગટ થતા જાય છે. જેમ વાદળાંથી ઢંકાઇ ગયેલો સૂર્ય કે ચંદ્રમા, વાદળાં વેરાઈ ગયા પછી જેવો ને તેવો પ્રકાશિત થાય છે, તેમ કર્મ-આવરણથી અવરાઇ ગયેલો આત્મા, કર્મ આવરણ દૂર થયા બાદ પોતાના સ્વાભાવિક જ્ઞાનાદિક ગુણની જ્યોતિથી સ્વતઃ પ્રકાશમાન થાય છે. એમ અનુક્રમે પ્રબળ પુરૂષાર્થયોગે સર્વ કર્મ આવરણોનો સર્વથા ક્ષય થવાથી આત્માના શુદ્ધ અખંડ અનંત જ્ઞાન દર્શન ચરિત્ર અને વીર્યાદિક ગુણો પૂર્ણ રીત્યા પ્રકાશે છે, પરંતુ કારણ વિના કાર્ય કદાપિ બનતું નથી, એમ સમજી આત્માર્થી જનોએ કર્મ આવરણોને દૂર કરવા સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રયીનું આરાધન કરવા યથાશક્તિ ઉદ્યમ કરવા ચૂકવું નહિં. મોક્ષમાર્ગ પામવાની એજ ખરેખરી કુંચી છે. હવે રત્નત્રયીનું આરાધન કરવાને ઉજમાળ થયેલા મુમુક્ષુઓને કેવું સુખ છે તેનું કંઇક સ્વરૂપ પ્રતિપાદન કરવાને શાસ્ત્રકાર કહે છે—

मिथ्यात्वशैलपक्षच्छिद्—ज्ञानदंभोलिशोभितः ।
निर्भयः शक्रवद्योगी, नंदत्यानंदनंदने ॥ ७ ॥

**ભાવાર્થ**—મિથ્યાત્વ રૂપ પર્વતની પાંખ છેદવાને સમર્થ એવા જ્ઞાન રૂપ વજ્રથી શોભિત યોગી ઇંદ્રની પરે નિર્ભય છતા સમાધિરૂપી નંદનવનમાં સુખે વિલાસ કરે છે.

**વિવરણ**—મહા મલીન વાસના-બુદ્ધિને પેદા કરનાર અભિનિવેશાદિજન્ય મિથ્યાત્વને મૂળથી નાશ કરવાને સમર્થ એવા સમ્યગ્ જ્ઞાન-દર્શનવડે શોભિત મુનિ ઇંદ્રની પરે નિર્ભીક છતા સમતા-શચીની સાથે સહજ સમાધિ વનમાં સુખે ક્રીડા કરે છે. **સમાધિ શતક**માં ઉપાધ્યાયજી મહારાજે એજ વાતનું સમર્થન કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**" જ્ઞાન વિમાન ચરિત્ર પવિ, નંદન સહજ સમાધ;**
**મુનિ સુરપતિ સમતા શચી, રંગે રમે અગાધ. "**

" જેને સમ્યગ્ જ્ઞાન રૂપ વિશાળ વિમાન ( વાહન ) છે, અને નિર્મળ આચાર વિચાર રૂપ વજ્ર મોહાદિક કર્મવર્ગને વિદારવા સમર્થ સાધનભૂત છે, અને ઉત્તમ પ્રકારની સમતા રૂપી ઇંદ્રાણી જેના ઉત્સંગમાં સદા વિદ્યમાન છે એવા યોગીશ્વર મુનિ ઇંદ્રની પેરે નિરાબાધપણે સહજ સમાધિસુખ રૂપ નંદનવનમાં અહર્નિશ આનંદ કરે છે. "

એવા યોગી પુરૂષનું કિંચિત્ સ્વરૂપ શ્રી પદ્મવિજયજી મહારાજ નવપદજીની પૂજામાં ' ઉપાધ્યાય ' પદની સ્તુતિ કરતાં કહેછેઃ—

દુહા.

**" ચોથે પદ પાઠક નમું, સકળ સંઘ આધાર;**
**ભણે ભણાવે સાધુને, સમતા રસ ભંડાર. " ૧**

**ઢાળ—રાગ વસંત.**

**"તું તો પાઠક પદ મન ધરહો, રંગીલે જીઉરા! એ ટેક.**

રાય રંક જસુ નિકટે આવે, પણ જસ નહિં નિજ પરહો. રંગી૦ ૧
સારણાદિક ગચ્છમાંહે કરતા, પણ રમતા નિજ ઘરહો. રંગી૦ ૨
દ્વાદશાંગ સઝાય કરણકું, જે નિશદિન તત્પર હો. રંગી૦ ૩
એ ઉવઝાય નિર્યામક પામી, તું તો ભવસાયર સુખે તરહો. રંગી૦ ૪
જે પરવાદી મતંગજકેરો, ન ધરે હરિપરે ડરહો. રંગી૦ ૫
ઉત્તમ ગુરૂ પદપદ્મ સેવનથેં, પકડે શિવવધૂ કરહો. રંગી૦ ૬

સમ્યગ્ જ્ઞાન દર્શનના યોગે વસ્તુસ્વરૂપને યથાર્થ જાણી—નિર્ધારીને જેણે પરસ્પૃહાને કેવળ દુઃખદાયી જાણીને પરિહરી છે એવા યોગી પુરૂષને સ્વાભાવિક રીતેજ રાવરંકમાં ભેદ રહેજ નહિં. એવા સંતપુરૂષની સમીપે જે કોઇ ભવ્ય આવે તે ભેદભાવરહિત કલ્યાણનો માર્ગ પામી શકે. ફક્ત આવનારની બુદ્ધિ કલ્યાણ સાધવાની હોવી જોઇએ. જો એવી શુદ્ધ બુદ્ધિથી રાજા કે રંક આવે તો તે બંને તેમની પાસેથી સંતોષ પામીને જ જાય એમાં કંઇ શક નથી. જેમ ઇંદ્ર પોતાના પરિવારનું સારી રીતે પાલન કરેછે તેમ ગચ્છનાયક પણ પોતાની પાસે વસનાર સાધુસમુદાયની સારી રીતે સારણાદિકવડે સંભાળ રાખે છે, તેમની ઉપેક્ષા કરતા નથી; છતાં પોતાની સહજ સમાધિમાં ખાંચો આવવા દેતા નથી. જેની સમીપે નિરંતર શાસ્ત્ર અધ્યયન સંબંધી પઠન પાઠન રૂપ નંદી ઘોષ થયાજ કરે છે એવા સમર્થ સાધુ પુરૂષનું શુદ્ધ શ્રદ્ધાપૂર્વક આલંબન લેનારને પણ જન્મમરણનો કશો ભય ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇ નથી, એમ સમજીને અનેક આત્માર્થી સાધુ અને શ્રાવક જનો આત્મકલ્યાણને માટે આવા સમર્થ યોગીનું શરણ લેછે.

સ્વપર સમયના જાણ એવા સમતાભાવી યોગીશ્વર કોઇ પણ પરવાદીનો કંઇ પણ ભય રાખતા નથી. સમતાપૂર્વક સર્વ કોઇનું સંતોષકારક સમાધાન કરી શકે છે, રત્નત્રયીના પ્રભાવથી શાસનની અનેક પ્રકારે પ્રભાવના કરે છે, અને એમ કરી સ્વપરનું એકાંત હિત સાધતાં અંતે અવિનાશી એવા મોક્ષપદને પામે છે. ઉત્તમ પ્રકારના સમતાજન્ય શાંતરસમાં નિમગ્ન યોગીશ્વરો જે સહજ સ્વાભાવિક સુખને સાક્ષાત્ અનુભવે છે તેનો ખ્યાલ સરખો પણ સમતારહિત એવા પામર પ્રાણીઓને ક્યાંથી આવે ? એવી શાંત સુખદાયી સમતાને પેદા કરનાર અને પુષ્ટિ કરનાર સમ્યગ્ જ્ઞાનનીજ સ્તુતિ કરતા થકા શાસ્ત્રકાર કહે છે—

**पीयुषमसमुद्रोत्थं, रसायनमनौषधं ।**
**अनन्यापेक्षमैश्वर्यं, ज्ञानमाहुर्मनीषिणः ॥८॥**

ભાવાર્થ—જ્ઞાન એ સમુદ્રથી નહિ ઉત્પન્ન થયેલું એવું અપૂર્વ અમૃત છે, ઔષધ વિગેરેથી નહિ ઉપજેલું એવું અપૂર્વ રસાયણ છે અને અન્ય વસ્તુઓની અપેક્ષા વિનાનું અપૂર્વ ઐશ્વર્ય છે એમ શાસ્ત્રકારો કહે છે.

વિવરણ—જ્ઞાનજ ખરૂં અમૃત, જ્ઞાનજ ખરૂં રસાયણ અને જ્ઞાનજ ખરૂં ઐશ્વર્ય છે, એમ અનુભવી પુરૂષોનું કથન છે તે વ્યાજબી છે. કેમકે અન્ય અમૃત, રસાયણ અને ઐશ્વર્ય કેવળ કલ્પિત છે. કહેવાય છે કે સમુદ્રનું મથન કરીને દેવતાઓએ અમૃત પ્રાપ્ત કર્યું, અને શંકરે વિષ પ્રાપ્ત કર્યું. કેટલાક ઔષધના સંયોગે મારેલી ધાતુ વિગેરેની ભસ્માને રસાયણ કહેવામાં આવે છે, તેમજ દુનિયામાંની કેટલીક વસ્તુઓનો સંયોગ થતાં તેને ઐશ્વર્ય કહેવામાં આવે છે. થોડા હાથી, ઘોડા, રથ, પાળા અને શહેર કસબા વિગેરે પુદ્ગલિક વસ્તુનું સ્વામીપણું પ્રાપ્ત થયે સતે તેને સહજ સ્વાભાવિક સુખના અજાણ લોકો ઐશ્વર્ય કહીને બોલાવે છે; પરંતુ તે સર્વ કલ્પિત હોવાથી ક્ષણિક એવા કૃત્રિમ સુખનાંજ સાધન છે. દેખતા દેખતામાં તે સર્વ હતા નહતા થઇ જાય છે. તેથી તત્ત્વજ્ઞાની પુરૂષો તેવા ક્ષણિક અને કલ્પિત સુખના સાધનભૂત અમૃત, રસાયણ અને ઐશ્વર્યને તત્ત્વથી અમૃત, રસાયણ અને ઐશ્વર્ય માનતાજ નથી. ખરૂં અમૃત તો તેઓ તેનેજ માને છે કે જેનું સેવન કરવાથી આત્મા અજરામરપણું પામે, એટલે જન્મ જરા અને મરણના દુઃખથી સર્વથા મુક્ત થઇ પરમ નિવૃત્તિ-સુખને પ્રાપ્ત કરી શકે. સર્વ ઉપાધિથી મુક્ત થઇ શાશ્વત એવું નિરૂપાધિક સુખ પામી શકે. જ્ઞાની પુરૂષો ખરૂં રસાયણ તેનેજ માને છે કે જેનું સેવન કર્યા બાદ પ્રાણીને કર્મરોગ નડેજ નહિ, રાગ દ્વેષ અને મોહાદિક વિકાર પ્રભવેજ નહિ અને આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્મામાં સહજ ઉત્તમ પ્રકારની પુષ્ટિ થાય; જેથી તેની કદાપિ અધોગતિ તો થાયજ નહિ. ખરૂં ઐશ્વર્ય પણ અનુભવી પુરૂષો તેનેજ માને છે કે જેની ઉપર દુનિયામાં કોઇનું સ્વામીપણું સંભવેજ નહિ અને કોઇની પાસે દીનતા દાખવવી પડેજ નહિ. એવું ઐકાંતિક અને આત્યંતિક સ્વતંત્ર સુખ સદાને માટે પ્રાપ્ત થવા માટેજ સર્વ પ્રયત્ન કરવા યોગ્ય છે. તત્ત્વથી વિચારતાં આવું અનુપમ અમૃત, આવું અપૂર્વ રસાયણ અને આવું અભિનવ ઐશ્વર્ય તે સમ્યગ્જ્ઞાન રૂપજ છે, જેથી સમતાગુણની પ્રાપ્તિ અને પુષ્ટિ થાય છે, જેથી નિર્દોષ એવા ચારિત્રમાં રતિ થાય છે, અને અનુક્રમે રત્નત્રયીનું આરાધન કરતાં પ્રબળ પુરૂષાર્થયોગે સર્વ કર્મ–ઉપાધિનો સર્વથા અંત થવાથી સહેજે નિરૂપાધિક એવું શિવસુખ પ્રાપ્ત થઇ શકે છે. આવું અનુપમ અમૃત, અપૂર્વ રસાયણ અને અભિનવ ઐશ્વર્ય તજીને કોણ તત્ત્વદૃષ્ટિ જનકલ્પિત અમૃત, રસાયણ કે ઐશ્વર્યને માટે ક્ષણિક સુખની લાલસાએ ઉદ્યમ કરે? શાંત, સુખદાયી અને સમતાકારી સમ્યગ્ જ્ઞાનમાંજ સર્વ કોઇ કલ્યાણઅર્થી જનોની શુદ્ધ પ્રેમપૂર્વક પ્રવૃત્તિ થાઓ! મુક્તિપુરીનો એજ ધોરી માર્ગ છે.

---

### શ્રી ઉપદેશમાલાના પ્રણેતા શ્રીમાન્ ધર્મદાસગણિ શ્રીમહાવીર દેવના હસ્તદીક્ષિત શિષ્ય હતા?

# एक ऐतिहासिक प्रश्न.

( પ્ર૦—મનઃસુખ વિ૦ કીરતચંદ મહેતા–મોરબી. )

પ્રસ્તાવના.

**શ્રી ઉપદેશમાલા** એક અમૂલ્ય ચરણાનુયોગમુખ ગ્રંથ છે. તેના પ્રણેતા શ્રીમાન્ **ધર્મદાસગણિ** વિદ્વાન્ શ્રાદ્ધ અને સાધુ વર્ગમાં સુપરિચિત છે. એ અમૂલ્ય સત્શ્રુતનું વાંચન–મનન હું કરતો હતો, ત્યાં તેના કર્ત્તાપુરૂષના ઇતિવૃત્તની મને જીજ્ઞાસા થઇ. હરકોઇ ગ્રંથનું અવલોકન કરતાં તેના ગુંથનાર વિષે વાંચકવર્ગને જીજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે: તથાપિ પૂર્વાચાર્યોના ઇતિહાસ સંબંધી આપણી જીજ્ઞાસા પુરી પડે એવાં સાધનો આપણને ઉપલબ્ધ નથી થતાં, એ આપણું કમનસીબ છે. શ્રી ધર્મદાસગણિના ઇતિહાસ સંબંધમાં પણ આપણે બેનસીબ રહીએ એમ છે. શ્રી ઉપદેશમાલા ઉપર એક કરતાં વધારે સવિસ્તર ટીકા–વૃત્તિ વિદ્વાન્ પુરૂષોએ રચી છે, તથાપિ તે ઉપરથી પણ શ્રી ધર્મદાસગણિ સંબંધી આપણી જીજ્ઞાસા પરિતૃપ્ત થાય, એવું ઓછું દીસે છે. મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસે આ ટીકાઓ નથી, એટલે આ સંબંધમાં મારાથી કાંઇ ચોક્કસ કહી શકાય તેમ નથી; મારૂં તો આ એક અનુમાન છે; તે ખરૂં પડે કે ખોટું પડે. પ્રભુકૃપાએ એ અનુમાન ખોટું પડો, અને શ્રીમાન્‌ના સંબંધમાં સવિસ્તર ટીકા ઉપરથી સવિસ્તર જાણવાનું આપણને મળો.

ઉપદેશમાળા ઉપરની ટીકા.

હું જે વાંચતો–વિચારતો હતો તે શ્રી જિનદાસે પ્રસિદ્ધ કરેલી ( સં. ૧૯૩૪ ) બાલાવબોધવાળી ઉપદેશમાળા છે. તેનાપર નીચે પ્રમાણે ટીકાઓ ને અવચૂરિઓ લખાણી છે.

૧ શ્રી જયસિંહસૂરિકૃત વૃત્તિ, પ્રાકૃત. વિ૦ સં૦ ૯૧૩

૨ શ્રી ઉપમિતિભવપ્રપંચના કર્ત્તા શ્રીમાન્ સિદ્ધર્ષિએ રચેલી **હેયોપાદેયા** વૃત્તિ. વિ૦ સૈકો દશમો.

૩ શ્રી સિદ્ધર્ષિકૃત લઘુવૃત્તિ.

૪ શ્રી ઉપદેશમાળા કથા. શ્રી જિનભદ્રસૂરિકૃત. વિ૦ સં૦ ૧૨૦૪

૫ શ્રી રત્નપ્રભસૂરિકૃત **દોઘટ્ટી** વૃત્તિ. વિ૦ સં૦ ૧૨૩૮

૬ શ્રી ઉદયપ્રભસૂરિકૃત **કર્ણિકા** વૃત્તિ. વિ૦ સં૦ ૧૨૯૯.

૭ શ્રી **સર્વાનંદ**સૂરિકૃત વિવરણ. પંદરમા સૈકાના પ્રારંભમાં.

૮ શ્રી સોમસૌભાગ્ય કાવ્યના નાયક શ્રી **સોમસુંદર**સૂરિકૃત વૃત્તિ. વિ૦ સં. ૧૪૩૦–૧૪૯૯.

૯ શ્રી જયશેખરસૂરિકૃત અવચૂરિ. પંદરમો સૈકો.

૧૦ શ્રી અમરચંદ્રસૂરિકૃત અવચૂરિ. વિ૦ સં૦ ૧૫૧૮.

૧૧ શ્રી સત્યવિજય પંન્યાસના મુખ્ય શિષ્ય શ્રી વૃદ્ધિવિજયજીકૃત **પદાર્થગુંફ**. અઢારમા સૈકાના પૂર્વાર્ધમાં.

૧૨ શ્રી રામવિજયગણિકૃત વૃત્તિ. વિ૦ સં૦ ૧૭૮૧.

૧૩ શ્રી **ધર્મનંદન**કૃત અવચૂરિ.

૧૪ શ્રી શતાર્થી ( એક ગાથાના સો અર્થ ).

આ ગ્રંથપર આટલી વૃત્તિઓ ને અવચૂરિઓ લખાઇછે, એટલું મારી જાણમાં આવ્યું છે; અને એ બધી ટીકાઓ મળી શકતી પણ હશે; વળી મૂળ ગ્રંથનું મહત્વ-ઉપયોગિતા જોતાં એ પર બીજી વિશેષ ટીકાઓ પણ થયેલી હોવી જોઇએ. શ્રી જિનદાસે પ્રસિદ્ધ કરેલી આવૃત્તિ વિ૦ સં૦ ૧૯૩૪ની છે; તેની પ્રસ્તાવનામાં લખ્યું છે કે "આ પ્રકરણની ટીકા બનેલીછે, પણ ટીકાથી બાળજીવોને બોધ થવો દુર્લભછે, એવું જાણીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ્યજીવોના ઉપકારને અર્થે ટીકા તથા બીજા સિદ્ધાંતોને અનુસારે તેનો બાલાવબોધ......કર્યો છે. ઇ૦ ” આમ જોતાં આ ટીકાઓ બધી મળી શકતી હોવી જોઇએ. શ્રી જિનદાસ કઇ ટીકાને અંગે ઇસારો કરે છે, એ આપણે જાણતા નથી; તથાપિ એ ટીકાઓ લભ્ય છે, એમ તો ખરૂં. શ્રીયુત્ મોતીચંદ ગિરધરભાઈ કાપડીઆના કહેવા મુજબ એ વૃત્તિઓ લભ્ય છે, અને ખંભાત અમદાવાદ વિગેરેના ભંડારમાં છે. તો એ ટીકાઓ વિગેરે ઉપરથી શ્રીમાન્ ધર્મદાસગણિના ઇતિહાસ સંબંધી કોઇ સુજ્ઞ શ્રાદ્ધ કે શ્રમણ પ્રકાશ પાડશે, તો મહદ્ ઉપકાર થશે.

પ્રશ્ન અને તેનું કારણ.

આટલા ઉપોદ્ઘાત પછી હું આ લેખના શિરોભાગમાં મુકેલ પ્રશ્ન ઉપર આવું છું. મને એવો પ્રશ્ન થાય છે કે “ શ્રીમાન્ ધર્મદાસગણિ શ્રી મહાવીરદેવના હસ્તદીક્ષિત શિષ્ય હતા? ” આ પ્રશ્ન ઉદ્ભવવાનું કારણ કે મને એવો ખ્યાલ બેશી ગયેલો હતો કે શ્રી ધર્મદાસજી શ્રી મહાવીરસ્વામીના હસ્તદીક્ષિત શિષ્ય હતા; પણ મૂળ ગ્રંથમાંજ એવો ઐતિહાસિકસૂચક ભાગ (Historical allusions) આવેછે કે એ ખ્યાલ ઘડીભર પણ ન ટકે. એ ખ્યાલ જો મારોજ એટલે મને અંગત સહેજે ઉભો થયેલો હોય, તો તો એ ખ્યાલને દૂર કરી મૂળ ગ્રંથપરથી સૂચિત થતા સત્ય ભણી વળવું યોગ્ય છે; પણ એમ નથી. મારા એ ખ્યાલને વિદ્વાનો તરફથી પુષ્ટિ મળે છે, એટલે એ ખ્યાલ દૂર કરી શકું એમ નથી. ખ્યાલ એ પૂર્વનો સંસ્કાર છે, અને એ સંસ્કાર પૂર્વે કાંઇ વાંચ્યું–સાંભળ્યું–અનુભવ્યું હોય તેથી પડી જાય છે. એ ખ્યાલ–સંસ્કાર સાચોજ હોવો જોઇએ

ખ્યાલ એટલે શું? એનું કારણ?

એમ કાંઇ નથી; તે ખોટો પણ હોય; અને કારણયોગ પામી એ દૂર પણ થઇ શકે. શું વાંચ્યાથી અને કયાંથી શું સાંભળ્યાથી મને પ્રસ્તુત ખ્યાલ થયો,એ હું ચોક્કસ કહી શકતો નથી; પણ વાંચ્યા–સાંભળ્યાથી એ ખ્યાલ થયેલ, એ તો ખરૂંજ. આ વિષય વાંચનારમાંના ઘણાનાં મનમાં કદાચ એ ખ્યાલ હશે. જે વિદ્વાનોના વિચારો હું નીચે મારા એ ખ્યાલની પુષ્ટિરૂપે ટાંકું છું, તેમાંના કોઈના વિચારને લઇ એ ખ્યાલ મને બેઠો હોય; અને એમ છતાં ખ્યાલનુ મૂળ કારણ હું વિસરી ગયો હોઉં. કારણકે ઘણીવાર એવું બને છે કે કાંઇ નજીવી બાબત પણ આપણે કોઇ પુરૂષ કે ગ્રંથથી શીખી આગળ વધીએ, ત્યાર પછી તે નજીવી બાબત શીખવાના કારણરૂપ તે પુરૂષ કે તે ગ્રંથને આપણે એટલી હદ સુધી વિસરી જઇએ છીએ, કે જાણે આપણે તો એ બાબત સ્વયમેવ–પોતાની મેળે (સ્વયંબુદ્ધરૂપે ?) શીખ્યા ન હોઇએ એવું થાય છે. જ્ઞાન–ગુરૂ ઓળવવા રૂપ આ દોષ ખરો કે નહિં ? પ્રભુ આપણને એ દોષથી બચાવો ! એ ગમે તેમ હોય. હું અત્રે વિદ્વાનોના મત નીચે મુજબ ટાંકું છું––

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) શ્રી જિનદાસે પ્રસિદ્ધ કરેલી સં. ૧૯૩૪ ની આવૃત્તિની પ્રસ્તાવનામાં

**શ્રી ધર્મદાસજી ગણિ મહાવીર પ્રભુના શિષ્ય હતા, તેના પુરાવારૂપ વિદ્વાનોના મત.**

લખ્યું છે કેઃ—"ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના શિષ્ય શ્રી ધર્મદાસગણિ અવધિજ્ઞાની.......તેમણે.......આ ઉપદેશમાળા પ્રકરણ રચ્યું છે."

(૨) શ્રીમદ્ આત્મારામજીએ રચેલ શ્રી જૈનધર્મવિષયિક પ્રશ્નોત્તરના ૩૪ મા પ્રશ્નના ઉત્તરમાં સૂત્રસિદ્ધાંત ઉપરાંત બીજા પ્રમાણિક આગમરૂપે ગણાતા ગ્રંથોમાંનાં કેટલાંકનાં નામ આપ્યાં છે, તેમાં શ્રી ઉપદેશમાળાનું નામ પણ આપ્યું છે, જે નામ આપતાં શ્રી આત્મારામજી લખે છે કેઃ—"ઔર શ્રી મહાવીરભગવાનકા શિષ્ય શ્રી ધર્મદાસગણિ ક્ષમાશ્રમણજીકી રચી હુઇ ઉપદેશમાળા તથા.ઇ૦"

(૩) શ્રીમદ્ આત્મારામજીના પ્રશિષ્ય શ્રી વલ્લભવિજયજી ઢુંઢકહિતશિક્ષામાં ( પૃ. ૪૦ ) પ્રમાણરૂપ ગણાતા પૂર્વાચાર્યોના કેટલાક ગ્રંથોનાં નામ આપતાં લખેછે કેઃ—" ( ૨૮ ) શ્રી મહાવીર ભગવંતકા શિષ્ય ચૌદહપૂર્વધારી, તીનજ્ઞાનકા ધરતા, શ્રી ધર્મદાસગણિ ક્ષમાશ્રમણવિરચિત ઉપદેશમાળા."

(૪) શ્રી જૈનધર્મ પ્રકાશ પુ. ૧૭ માના અંક ૪ થામાં પૃષ્ઠ ૭૧-૭૨માં પુસ્તકોની પહોંચના વિષયમાં તેના વિદ્વાન તંત્રી શ્રીયુત કુંવરજી આણંદજી લખે છે કેઃ—"આમાં ધર્મદાસગણિને વીરપ્રભુ પહેલાં થયેલા લખે છે, પરંતુ એઓ તો શ્રી વીરપ્રભુના હસ્તદીક્ષિત શિષ્ય છે, તે હકીકત શ્રી ઉપદેશમાળાની ટીકાના આરંભમાંજ સ્પષ્ટ જણાવેલ છે. ઇ૦"

( ૫ ) શ્રીયુત મોતીચંદ ગિરધરભાઇ કાપડીઆ B. A., LL. B. ( Solicitor ). એમણે શ્રી સિદ્ધર્ષિપ્રણીત ઉપમિતિ ભવપ્રપંચની પીઠિકા ( Introduction ) નું એક ટુંક પણ બહુ રસમય અને ઉપયોગી પ્રસ્તાવના સાથે ભાષાંતર કર્યું છે. તે પ્રસ્તાવનામાં શ્રી સિદ્ધર્ષિની કૃતિઓ અંગે લખતાં જણાવે છે કેઃ—"વળી શ્રી મહાવીર સ્વામીના હસ્તદીક્ષિત શિષ્ય ધર્મદાસગણિએ ઉપદેશમાલા ગ્રંથ રચ્યો છે, તેના પર સિદ્ધર્ષિગણિએ ટીકા લખી છે. ઇ૦."

**શ્રી ધર્મદાસજી શ્રી વીરની પૂર્વે હતા?**

આટલી વાત તો મારા ( ? ) ખ્યાલના ટેકા રૂપે થઇ; અર્થાત્ શ્રી ધર્મદાસજી શ્રી વીરના હસ્તદીક્ષિત શિષ્ય હતા. પણ પંડિત હીરાલાલ હંસરાજ તો એથી પણ આગળ વધીને જૈન ધર્મના પ્રાચીન ઇતિહાસમાં કહે છે કેઃ—"આ મહાન્ સાધુ ( શ્રી ધર્મદાસજી ) વીરપ્રભુની પણ પહેલાં થયેલા છે." ભાઇશ્રી હીરાલાલભાઇ ! મને તો શ્રી ધર્મદાસજી વીર પ્રભુના વખતમાં થઇ ગયા કે પછી, એ સવાલ ઉઠ્યો છે, ત્યાં એઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી વીર પ્રભુ પહેલાં થયાનો તમારો ખ્યાલ[1] ( Theory ) હું કેવી રીતે સ્વીકારી શકું ?

ઉપર જણાવેલા વિદ્વાનોના મતનો આધાર પણ ટીકા હશે.

શ્રી ધર્મદાસજી વીર પ્રભુના શિષ્ય હોવા સંબંધી ઉપર જે જે પ્રથક્ પ્રથક્ વિદ્વાનોના વિચાર ટાંકયા, તે બધા વિચારોનું મૂળ કારણ તો પ્રસ્તુત ગ્રંથની ટીકા હોવી જોઇએ. જેમ મને પ્રથક્ પ્રથક્ વિચારો વાંચ્યા–સાંભળ્યાથી ખ્યાલ રહેલો સંભવે છે, તેમ ઉપર જણાવેલા વિદ્વાનોને પણ કર્ણોપકર્ણ ન્યાયે કે પરંપરાગત વાંચન–શ્રવણથી કે છેવટ મૂળરાશિ ટીકાથી શ્રી ધર્મદાસગણિ શ્રી મહાવીર દેવના હસ્તદીક્ષિત શિષ્ય હોવાનો ખ્યાલ રહ્યો હોય, એમ લાગે છે.

ટીકા અને ઐતિહાસમાં મતભેદ.

ટીકામાં શ્રી ધર્મદાસજી વીર પ્રભુના હસ્તદીક્ષિત શિષ્ય હોવાનું ગમે તે હેતુએ ગમે તેમ લખાયું હોય, પણ મૂળ ગ્રંથમાંના ઐતિહાસિક સૂચક વિભાગ ( Allusions ) જોતાં એ વાત કોઇ રીતે સિદ્ધ થતી નથી; અર્થાત્ શ્રી ધર્મદાસજી શ્રી વીર પ્રભુના હસ્તદીક્ષિત શિષ્ય નહોતા, અને તેઓશ્રી શ્રી વીર પ્રભુ પછી ઘણાં વરસે, અમુક સૈકા પછી થયેલા હોવા જોઈએ, એવું સિદ્ધ થવા જાય છે.

પોતાની હૈયાતી પછી બનેલા બનાવોની નોંધ લેખક લઇ શકે ? પ્રશ્ન ?

શ્રી વીર ભગવાન્‌ના સમય પહેલાંની હકીકત સંબંધી દષ્ટાંત રૂપ ઇસારા પ્રસ્તુત ગ્રંથમાં છે, એ તો બરાબર છે; કેમકે પોતાના વિદ્યમાનપણા પૂર્વે થઈ ગયેલા બનાવોના આધાર દરેક ગ્રંથકાર શાખ રૂપે આપી શકે. જેમ શ્રી ઉપદેશમાલામાં કર્ત્તાપુરૂષની ઘણા કાળ પૂર્વે થઈ ગયેલાં શ્રી ભરત, બાહુબળ, મરીચિ, ચંદ્રાવતંસક રાજા, અગ્નિકાપુત્ર, પુષ્પચુલા, આદિ સંબંધી સૂચવન છે. પણ પોતાની હૈયાતી વખતે તથા તે પછી બનેલી વાતોને ગ્રંથકાર કેવી રીતે કહી શકે, એ વિચારમાં પણ આવી શકતું નથી. ધારો કે પોતાના વિદ્યમાનપણાના વખતની વાતો એક ગ્રંથકાર ઐતિહાસિક રીતે યથાર્થ કહી શકે, એ બનવા જોગ છે; પણ પોતાની હૈયાતી પછી જે વાતો બની, જે બનાવ થયા, તેનું નિરૂપણ પોતે પોતાના હાથે લખાતા ગ્રંથમાં કરી શકે એ તો કેવળ અસંભવિત છે. છતાં એમ કહેવામાં આવે તો ( ૧ ) કાંતો એ ગ્રંથ બીજાને હાથે લખાયલો હોવો જોઇએ, અને (૨) કાંતો ગ્રંથકાર પોતાના ગ્રંથમાં સૂચવેલ બનાવો થયા પછી થયેલા હોવા જોઇએ, એવા નિરાકરણ ઉપર આવવું જોઇએ. હા, ભાવિકાળે આમ થશે, એ પ્ર-

---

૧ આ હકીકત વિષે તેમને લખતાં તેઓ એવો ખુલાસો કરે છે કે ‘ એમનો જન્મ વીર પ્રભુની પહેલાં થયો હતો એમ મારા વાંચવામાં આવેલ છે તેને આધારે મેં એમ લખ્યું છે. બાકી તેમણે દીક્ષા તો વીર પ્રભુ પાસેજ લીધી છે. ’ તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભલે પોતાના જ્ઞાનબળે ગ્રંથકાર નિરૂપી શકે; પણ આમ થયું એ તો કેવી રીતે કહી શકાય ? જો શ્રી **ધર્મદાસજીને** આપણે શ્રી **વીરપ્રભુના** હસ્તદીક્ષિત શિષ્ય તરીકે તેમના વારામાં થઇ ગયેલા ગણીએ તો આપણને ઉપર જણાવેલી મુંઝવણ આવે છે. કેમકે જે પુરૂષને શ્રી **વીરભગવાનના** વખતમાં વિદ્યમાન ગણવામાં આવતા હોય અને એ ગણત્રી જો સાચી હોય તો તે પુરૂષ પોતાની હૈયાતી પછી પાંચસો–છસો વરસે થયેલી બીનાનો ઇસારો પોતાના ગ્રંથમાં કેવે પ્રકારે કરી શકે ? એથી કાંતો એમની હૈયાતીના કાળની ગણત્રી ખોટી, અને કાંતો એ ગ્રંથના એ કર્ત્તા હોવાની માન્યતા ખોટી. પોતાના જ્ઞાનબળે પાંચસો–છસો વરસ પછી **થવાની** વાત સંબંધી ભવિષ્ય વાણી રૂપે કહી શકે; પણ ' જેમ આના સંબંધમાં આમ થયું એવાં દૃષ્ટાંત રૂપે'' કેમ કહી શકે ? શ્રી **ધર્મદાસ** ગણિએ ઉપદેશમાળામાં ગુરૂની આજ્ઞામાં શંકા કરવી નહિ, ગુરૂની આજ્ઞા અમોઘ છે, એને વિકલ્પ કર્યા વિના માથે ચઢાવવી, એ આદિ ઉપદેશ અંગે શ્રી વજ્રસ્વામી અને સિંહગિરિનું દૃષ્ટાંત આપ્યું છે. આ વજ્રસ્વામી શ્રી **વીર** પ્રભુ પછી પાંચસો વરસે થયા છે. આમ જોતાં શ્રી **ધર્મદાસજીના** આપણે માની લીધેલા હૈયાતીકાળનો સ્વાભાવિક પ્રશ્ન ઉઠે એમ છે; અને એઓશ્રી શ્રી **વીર** પ્રભુના હસ્તદીક્ષિત શિષ્ય હોવાનો ખ્યાલ બીજા સબળ આધારના અભાવે ડગે એમ છે.

ઉપદેશમાળામાં શ્રી વીરાત્ પછીના સૈકાનું દૃષ્ટાંત.

છતાં આપણે ટીકાકારને અનુસરી એમ માનીએ કે શ્રી **ધર્મદાસજી** શ્રી **વીર** પ્રભુના હસ્તદીક્ષિત શિષ્ય હતા, અને એઓ એના વારામાં થયા, તો પછી, કાંતોઃ—

ટીકાને અનુસરતા ઉપજતા વિકલ્પો.

( ૧ ) શ્રી **ધર્મદાસજી** પ્રસ્તુત ગ્રંથના કર્તા નહોતા.

કાંતો ( ૨ ) બે **ધર્મદાસજી** હોવા જોઇએ, એક શ્રી **વીર** ભગવાનના હસ્તદીક્ષિત શિષ્ય અને બીજા શ્રી ઉપદેશમાલાના કર્તા.

કાંતો ( ૩ ) શ્રી **વીરના** હસ્તદીક્ષિત શિષ્ય **ધર્મદાસજીએ** રચેલ ઉપદેશમાલામાં શ્રી વીર પછી બનેલા બનાવોના સૂચવન રૂપ ગાથાઓ પાછળથી પ્રક્ષિપ્ત થયેલી હોવી જોઇએ.

કાંતો ( ૪ ) આપણી ઐતિહાસિક માનિનતા ફેરવવી અને શ્રી ઉપદેશમાલામાં સૂચવેલ જે દૃષ્ટાંતોને આપણે શ્રી વીર પછી થયા હોવાનું માનીએ છીએ તે શ્રી વીરના સમય પહેલાં બન્યા હોવા જોઇએ.

આવી કોઇ માનિનતા ઉપર આપણે આવવું પડશે. આપણે એ ચારે વિકલ્પોની પર્યાલોચના કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) શ્રી ધર્મદાસજી ઉપદેશમાળાના કર્ત્તા નહોતા. એ વિકલ્પ નભી શકે એમ નથી; કેમકે પ્રસ્તુત ગ્રંથની છેવાડેની ગાથાઓ(૫૩૭-૫૪૦) પરથી સુપ્રતીત થાય છે કે ઉપદેશમાળાના કર્ત્તા કોઇ ધર્મદાસગણિ કરીને છે.

૧ લો વિકલ્પ.

"धंतमणिदामससिगणिणिहिपयपढमख्खरान्निहाणेणं ।
उवएसमालापगरण, मिणिमो रइग्रं हियट्ठाए" ॥ ५३७ ॥

**અર્થાત્**—ધંત, મણિ, દામ, સસિ, ગણિ, ણિહિ એટલાં પદોના પહેલા અક્ષરો ( ધં, મ, દા, સ, ગ, ણિ ) વડે જેનું નામ બને છે તે પુરૂષે એટલે **ધર્મદાસગણિએ** આ **ઉપદેશમાળાપ્રકરણ** ( સ્વપર ) હિત અર્થે રચ્યું છે. વળી—

"इय धम्मदासगणिणा, जियवयणुवएसकज्जमालाए ।
मालं च विविहकुसुमा, कहिश्रा उ सुसिसवग्गस्स" ॥५४०॥

**અર્થાત્**—આ પ્રકારે શ્રી ધર્મદાસગણિએ શ્રી જિનવચન ઉપદેશરૂપ ફુલે કરી આ માળા ( ઉપદેશમાળા ) રચી છે; આ ઉપદેશમાળા વચનામૃતરૂપ વિવિધ ઉપદેશરૂપ ફુલે કરી પુષ્પમાળા જેવી છે; અને સુશિષ્યવર્ગને એ આપી છે, ઇત્યાદિ.

આ બે ગાથા જોતાં શ્રી ઉપદેશમાળાના કર્ત્તા ધર્મદાસજી નહોતા એ વિકલ્પ શમી જાય છે. હવે બીજો વિકલ્પ વિચારીએ.

(૨) ધર્મદાસજી એક કરતાં વધારે હતા; બે તો હતાજ. એક શ્રી વીરના હસ્તદીક્ષિત, ચૌદ પૂર્વધારી, અવધિજ્ઞાની ધર્મદાસજી, અને બીજા શ્રી વીર પછી છઠ્ઠા-સાતમા સૈકામાં થયેલા શ્રી ઉપદેશમાળાના કર્ત્તા ધર્મદાસજી. આમ બે વ્યક્તિ માનવા રૂપ વિકલ્પ સાચો ઠરે તો બધો વાંધો મટી જાય છે; વિરોધ ટળી જાય છે; ટીકા અને ઇતિહાસનો મતભેદ દૂર થાય છે, વિદ્વાનો આ વિકલ્પ સ્વીકારે કે નહિ એ સવાલ છે.

૨ જો વિકલ્પ..

કોઇ પ્રશ્ન કરે કે એક કરતાં વધારે વ્યક્તિરૂપ ધર્મદાસજી હોવાના વિકલ્પની શી જરૂર છે? શ્રી વીર પછી છઠ્ઠા-સાતમા સૈકામાં થયેલા ઉપદેશમાળાના કર્ત્તા ધર્મદાસજીની વ્યક્તિ સ્વીકારો એટલે બસ છે. આના ઉત્તરમાં કહેવાનું કે ટીકાકારે ટીકામાં શ્રી વીરના હસ્તદીક્ષિત, અવધિજ્ઞાની ધર્મદાસજી હોવાનું લખ્યું છે, તેમજ શ્રીમદ્ આત્મારામજી જેવા બહુશ્રુત પણ એમ જણાવે છે, એટલે એ વાત ખોટી ન હોય. એટલે શ્રી વીરના હસ્તદીક્ષિત શિષ્ય ધર્મદાસ રૂપ એક વ્યક્તિ આપણે સ્વીકારીએ; પણ તેજ ધર્મદાસજીને શ્રી ઉપદેશમાળા, કે જેમાં શ્રી વીર પછી છઠ્ઠા સૈકામાં થયેલા વજ્રસ્વામી આદિનાં ઐતિહાસિક સૂચવન છે, તેના પ્રણેતા ગણીએ તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઐતિહાસિક દૃષ્ટિએ મ્હોટો વિરોધ આવે, તે ટાળવા પ્રસ્તુત ગ્રંથના પ્રણેતા શ્રી **વીર** પછી છઠ્ઠા–સાતમા સૈકામાં થયેલા બીજા **ધર્મદાસજી** સ્વીકારીએ, તો વિરોધ માત્ર ઘ્રણી જાય છે. વૃત્તિકારનું વૃત્તિમાંનું કથન સત્ય ઠરે છે, અને ઐતિહાસિક સત્યને બાધા આવતી નથી. બધી રીતે જોતાં મને આ વિકલ્પ બહુ બંધ બેસે છે, તથાપિ ગીતાર્થનું વચન પ્રમાણ છે. હવે આપણે ત્રીજો વિકલ્પ વિચારીએ.

૩ જો વિકલ્પ.

(૩) ઉપદેશમાળા તો શ્રી **વીર**ના શિષ્ય **ધર્મદાસજી**એ રચી છે; પણ તેમાં શ્રી **વીર**ના વખત પછી બનેલી વાતોનાં સૂચવન રૂપ ગાથાઓ પાછળથી પ્રક્ષિપ્ત થયેલી છે.આ વિકલ્પ ટકી શકે એમ નથી. કેમકેઃ-

(અ) આખા ગ્રંથમાં ભાષા, વૃત્ત, શૈલી અવલથી આખર સુધી એકજ ધાવાનાં છે. જો પાછળથી ગાથાઓ ઉમેરવામાં આવી હોય તો ભાષા, છંદ, શૈલીમાં પરખી શકાય એવો ભેદ માલમ પડેજ.

(આ) વળી જો ગાથાઓ પાછળથી નાંખી હોય તો તે કાં તો આગળ, કાંતો પાછળ, કાંતો મધ્યમાં નાંખી હોયઃ પણ જે ગાથાઓ પાછળથી નાંખેલી હોવાનો વિકલ્પ ઉઠાવવામાં આવે છે તે તો લોમવિલોમ, એક અહિં તો બીજી પણે એમ છુટક જણાશે.

(ઇ) વળી જો ગાથાઓ પાછળથી નાંખવામાં આવે તો ચાલતા સૂત્રની વિષય સંગતિમાં ક્ષતિ આવે; ચાલુ વિષય ત્રુટી જાય; પણ એ ગાથાઓ તો ચાલતા વિષયના અર્થને અનુરૂપ છે.

(ઉ) વળી એવી ગાથાઓ જો ઉમેરવામાં આવે તો એક, બે કે પાંચ ઉમેરવામાં આવે, પણ એકદમ વધારે તો ઉમેરવામાં ન આવે.

(એ) તેમ પ્રસ્તુત ગ્રંથમાં એવી ગાથાઓ ઉમેરવાનું કાંઇ વિશિષ્ટ પ્રયોજન નથી.

આમ જોતાં આ ત્રીજો વિકલ્પ પણ ઉપશમી જાયછે.હવે ચોથો વિકલ્પ જોઇએઃ—

૪ થો વિકલ્પ.

(૪) આપણી ઐતિહાસિક માનિનતા ફેરવવી; અને શ્રી ઉપદેશમાળામાં સૂચવેલ જે દૃષ્ટાંતોને આપણે શ્રી **વીર** પછી થયા હોવાનું માનીએ છીએતે શ્રી વીરના સમય પહેલાં બન્યા હોવા જોઇએ.

આ વિકલ્પ તો કેવળ ભયંકર; જડમૂળથી ઉચ્છેદનાર. આ તે વિકલ્પ કે કુવિકલ્પ? અમારે આ કુવિકલ્પ નથી જોઇતો; અમે અમારા અસમંજસ ભાવની ઐતિહાસિક માનિનતા ફેરવીએ, પણ જે વાતો શ્રી **વીર** પછી બનેલી હોવાનું શ્રીમદ્ **હરિભદ્રસૂરિ**, શ્રીમદ્ **હેમચંદ્રાચાર્ય**, શ્રી **ભદ્રબાહુ સ્વામી**, શ્રી **મેરૂતુંગા**-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ચાર્ય** આદિ પ્રમાણિક પુરૂષો અને શ્રી **આવશ્યકવૃત્તિ**, શ્રી **કલ્પસૂત્ર**,શ્રી **પરિશિષ્ટપર્વ**, શ્રી **વિશેષાવશ્યક** આદિ સત્શાસ્ત્રો **અમને** કહે છે, તે વાતો શ્રી વીરના વખત પૂર્વે થયેલી હોવારૂપ વિકલ્પને તો અમે દૂરથીજ નમસ્કાર કરી વિદાય કરીએ છીએ.

ચર્ચાનું પરિણામ શું ?

ત્યારે આ બધી ચર્ચાનો ફલિતાર્થ શું ? ફલિતાર્થ એ કે બીજો વિકલ્પ સ્વીકારવો: અર્થાત્ બે **ધર્મદાસજી** માનવા. એક શ્રી વીરપ્રભુના હસ્તદીક્ષિત શિષ્ય શ્રી **ધર્મદાસજી**; કારણકે એવી કોઇ વ્યક્તિરૂપ **ધર્મદાસજી** હોવાને લઇને ટીકાકારે લખ્યું હોવું જોઇએ; અને બીજા શ્રીવીરાત્ છઠ્ઠા–સાતમા સૈકામાં શ્રી ઉપદેશમાલાના રચનારા **ધર્મદાસજી**; કારણકે એથી ઐતિહાસિક બાબત સત્ય ઠરશે.

શ્રી ઉપદેશમાળાના કર્તા **ધર્મદાસજીને** આપણે શ્રી **વીરના** હસ્તદીક્ષિત શિષ્ય ગણીએ તો ઐતિહાસિક વિરોધ શું આવે છે એ આપણે શ્રી ઉપદેશમાળામાંના વિભાગથી વિગતે તપાસીએ. આથી તેમજ શ્રી **વીરભગવાનના** સમયમાં અને ત્યારપછી થયેલાં પાત્રોમાં જેના વિષે શ્રી ઉપદેશમાળામાં ઐતિહાસિક સૂચવન Historical allusions કરવામાં આવ્યાં છે, તેની નોંધ સાલવારીની રીતે Chronologically ) લઇએ તો શ્રી **ધર્મદાસજી** ( પ્રસ્તુત ગ્રંથના કર્તા ) ના સમયનો નિર્ણય થવામાં કેટલીક સરળતા થશે.

ઉપદેશમાળાંતર્ગત શ્રી **વીરના** વખતની વાતો.

(૧) પ્રથમ શ્રી વીરના સમયમાં બનેલી વાતો જેનું સૂચવન પ્રસ્તુત ગ્રંથમાં થયેલું હોય, તેમાંની કેટલીએક લઈએ:—

ગાથા ૧૩—મી—**ચંદનબાલાનું** દૃષ્ટાંત; પૂજ્યપણું તે શાનું ? દેહાધ્યાસને લઇ દેહનું કે આત્માના જ્ઞાનાદિ ગુણનું? એ ઉપર **ચંદનબાલાની** અનુપ્રેક્ષા સંબંધી.

,, ૨૦—,,—**પ્રસન્નચંદ્ર** રાજર્ષિનું; ધર્મસાધન તે લોકસંજ્ઞાએ લોકરંજનાર્થે છે કે આત્મસાક્ષીએ આત્મહેતુએ છે એ ઉપર.

,, ૩૧—,,—ઉદાયિરાજાનું; ભારેકર્મીને ઉપદેશ ન પરિણમે, એ ઉપર ઉદાયી રાજાના ઘાતક **વિનયરત્નનું**.

,, ૩૩—,,—' યા સા સા સા' નું; જે તે તે તે, જે આ ભવે સ્ત્રી છે તે પૂર્વે બહેન હતી એવું સંસારવૈચિત્ર્ય પ્રકટ દેખાડવારૂપે શ્રી વીરપ્રભુનો બોધ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાથા. ૩૪-મી—મૃગાવતીનું; વિનય અને આત્મનિંદાપર.

,, ૩૭-,, —જંબુસ્વામી અને પ્રભવ સ્વામીનું; હળુકર્મી અને સરળ જીવ અન્યના ત્યાગથી પોતે બોધ પામે; જેમ શ્રી જંબુના ત્યાગથી પ્રભવ બોધ પામ્યા.

,, ૮૭-,, —શાલિભદ્રનું; તપ ઉપર.

,, ૯૧-,, —મેતાર્ય મુનિનું ક્ષમા ઉપર.

,, ૧૦૨-,, —કેશી ગણધર અને પ્રદેશી રાજાનું; સદ્ગુરૂ એ દુઃખના ત્રાતા અને સુખના દાતા છે એમ બતાવવા.

,, ૧૨૧-,, —કામદેવ શ્રાવકનું; વ્રતની નિશ્ચળતા પર.

,, ૧૩૦-,, —ગોશાલકનું; ઉત્સૂત્રભાષી, ગુરૂદ્રોહી આદિ સાધુનાં લોચકષ્ટાદિ સંયમક્લેશ વૃથા છે.

,, ૧૪૮-,, —પ્રદેશી રાજા અને સૂરિકાંતાનું; સ્ત્રીના સ્નેહનો શો વિશ્વાસ?

,, ૧૪૯-,, —શ્રેણિક-કોણિકનું; પુત્રસ્નેહનો શો વિશ્વાસ ?

,, ૧૫૩-,, —જંબુ પ્રભુનું; સુવિહિત પુરૂષો રૂપ-ધન-યૌવને યુક્ત કન્યાઓને પણ છાંડી સંસાર ત્યાગે એ ઉપર,

,, ૧૫૪-,, —મેઘકુમારનું; રાજકુલ છોડી મુનિ થયેલા મેઘકુમાર જેવા પણ અન્ય સામાન્ય સાધુઓનો સંઘટ્ટ સહે છે. એ રૂપે મુનિધર્મનું મહાત્મ્ય બતાવવા.

,, ૧૬૪-,, —સત્યકિ વિદ્યાધરનું; સમ્યગ્દૃષ્ટિ જીવ પણ જો બહુ વિષયાસક્ત હોય તો સંસારસંકટ પામે એ ઉપર.

,, ૧૯૬-,, —શ્રેણિકનું; તપ સંયમના મહાત્મ્ય ઉપર; પશ્ચાત્તાપ થોડાં કર્મ બાળે, પણ વિશેષ નિકાચિત બાળવાં તપ-સંયમ જોઈએ.

,, ૨૪૮-,, —નંદિષેણનું; નિકાચિત ઉદય બળવાન્ છે. નિત્ય દશને ઉપદેશી શકવા યોગ્ય ઉપદેશલબ્ધિવાળા નંદિષેણ પોતે બુઝી ન શક્યા!

,, ૨૬૬-,, —શ્રેણિક અને ચાંડાળનું; વિનયવડે વિદ્યાની સિદ્ધિ છે એ ઉપર.

,, ૩૩૩-,, —મેતાર્ય મુનિનું જાતિમદ આદિ મદ વર્જવા ઉપર.

૪૩૯-,, —દુર્દરાંકદેવનું; સંસારમાં જાતજાતના પુણ્યવાન્-પાપી જીવો હોય છેઃ કેટલાક મરે તો સારૂં એવા, કેટલાક જીવે તો સારૂં એવા, કેટલાક મરે તો એ ઠીક અને જીવે તો એ ઠીક એવા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કેટલાક ન મરે, ન જીવે તો ઠીક એવા-આ વગે બતાવવા ઉપર.

ગાથા ૪૪૫-મી—કાલકસૌકરિકસુત સુલસનું; પરને પીડા ન ઉપજાવવા કુળ ધો પણ છોડયો.

" ૪૫૦-" —કાર્તિક શેઠનું; જિનેશ્વરના ઉપદેશનેઅનુસરવાનું અપૂર્વ ક

" ૪૫૯-" —જમાલિનું; આજીવિકા હેતુએ વેશ રાખવો નહિ, તેમ નિન્હવ થવું નહિ એ ઉપર.

ઇત્યાદિ વાતો શ્રી ઉપદેશમાળામાં છે, અને તે શ્રી વીરના વખતમાં અથ ત્યાર પછી તરતમાં બનેલી હોવાની ગવાહી આપણને શાસ્ત્રો આપે છે. આથી ગ્રંથના કર્ત્તા શ્રી ધર્મદાસજી શ્રી વીર પછી થયા હતા, એમ મા વાને આપણે પ્રેરાઇએ એ સ્વાભાવિક છે. કેમકે પ્રાયઃ આ એ ઐતિહાસિક સત્ય છે, કે ઇતિહાસ, જનવાર્ત્તા, કહેવત, દૃષ્ટાંત વગેરેને રૂઢ થતાં પચાસ વરસ લાગે છે. એક નામચીન પાશ્ચાત્ય વિદ્વાન્* કહે છે કે: " The world is fifty years behind " અર્થાત્ દુનિઆ પોતાના સમય પચાસ વરસ પાછળ છે, એટલે પોતાના સમયમાં શું બને છે, શું બન્યું એની ખ બર દુનિઆને તે બનાવ પછી પચાસ વરસે પડે છે. પણ શ્રી ધર્મદાસજી જેવા સ મર્થ યોગબળવાળા પુરૂષને પોતાના વારામાં થયેલી વાતો જાણ બહાર ન હોય સ્વીકારી લઇ તેઓને શ્રી વીર પ્રભુના વારામાં થઇ ગયેલા માની તોપણ ચાલી શકે એમ નથી; કેમકે હવે આપણે વીરાત્ દોઢસો બસો વરસે બનેલી બાબતોનું શ્રી ઉપદેશમાળાનું સૂચવન તપાસીએ

ખરો ઇતિહાસ કયારે યોજી શકાય ?

વીરાત બીજા-ત્રીજા સૈકાનું સૂચવન.

(૨) શ્રી સ્થૂલિભદ્રજી શ્રી વીર પછી ૨૧૫ વરસે સ્વર્ગે ગયા. શ્રી વીર પ ૧૧૬ વરસે એઓ જન્મ્યા; ૩૦ વરસ ગૃહસ્થી રહ્યા; અને ૬૯ વરસ ત્યાગી રહ્યા જેમાં ૨૪ વરસ સામાન્ય સાધુ તરિકે અને ૪૫ વરસ યુગવર તરિકે રહ્યા. શ્રી સ્થૂલિભદ્રજી વગેરેનાં સૂચવન નીચે મુજબ છે:—

" ते धन्ना ते साहु,
तेसिं नमो जे अकज्ज परिविरया ।
धीरा वयमसिहारं,
चरंति जह थूलिभद्दमुणी " ॥ ५५ ॥

તે ધીર પુરૂષો ધન્ય છે, તે ધીર પુરૂષો સાધુ છે, તે ધીર પુરૂષોને નમસ્ક

* Edmund Burke

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓ, કે જેઓ શ્રી સ્થૂલિભદ્ર મુનિની પેઠે અકાર્ય ( અબ્રહ્મ ) ની સર્વથા વિરતિ કરીને અસિધારા જેવું ( ખાંડાની ધાર જેવું આકરૂં) વ્રત આચરે છે.

" जो कुणइ अप्पमाणं ,
" गुरुवयणं न लहेइ उवएसं ।
" सो पच्छा तह सोअइ ,
" उवकोसघरे जह तवस्सी" ॥ ६१॥

જે ગુરૂનાં વચનને પ્રમાણ કરતો નથી, તેને ઉપદેશ પરિણમતો નથી; અને પછી તેને શોચ કરવો પડે છે. કોની પેઠે ? તો કે જેમ ગુરૂએ વાર્યા છતાં (સિંહ-ગુફાવાસી ) તપસ્વી મુનિ ( કોશાની બ્હેન ) ઉપકોશાને ત્યાં જઇ રહ્યા, અને પછી પશ્ચાત્તાપ પામ્યા. વળી

" जइ दुक्कर दुक्कर कारउत्ति,
" भणिउ जहट्ठिउ साहू ।
" तो कीस अज्जसंभूअ-
" विजयसिसेहिं न वि खमियं " ॥ ६६ ॥

શ્રી આર્યસંભૂતિવિજયે શ્રી સ્થૂલિભદ્રના સંબંધમાં " તું દુષ્કર દુષ્કરનો કરનારો " એવું યથાસ્થિત કહ્યું છતાં તેના શિષ્યો તે કેમ સાંખી શક્યા ?

આ ત્રણે ગાથામાંથી પહેલીમાં શ્રી સ્થૂલિભદ્ર સંસાર ત્યાગ કરી ગુરૂ આજ્ઞાએ પોતાની પૂર્વપરિચિત વેશ્યા કોશાને ત્યાં ચાતુર્માસ રહ્યાનો અને બ્રહ્મવ્રતથી પતિત થવાના બધા યોગ છતાં ખાંડાની ધાર ઉપર રહેવા યોગ્ય વ્રત પાળ્યાનો ઇસારો છે. ૬૬ મીમાં ચાતુર્માસના અંતે ગુરૂ પાસે આવતાં ગુરૂએ " અહો ! દુષ્કર દુષ્કરનો કરનારો " એમ શ્રી સ્થૂલિભદ્રને સંબોધીને કહ્યાનો, અને સિંહગુફાવાસી, સર્પબિલવાસી, કૂપકાષ્ઠવાસી ત્રણ સાધુઓને " દુષ્કરના કરનારા " એમ સંબોધ્યાનો ઇસારો છે. શ્રી સ્થૂલિભદ્રજી ખાન-પાનાદિ વિષયસામગ્રીયુક્ત વાસમાં રહ્યા છતાં એને દુષ્કર દુષ્કરનો કરનારો અને અમે સિંહગુફા, સર્પબીલ અને કુવાના ભારવટિઆ જેવી ભયંકર જગ્યાએ ચાતુર્માસ રહ્યા છતાં ગુરૂ અમને માત્ર દુષ્કરના કરનારા કહે છે, એ ગુરૂનો સ્થૂલિભદ્ર પ્રતિ પક્ષપાત છે; અથવા સ્થૂલિભદ્ર રાજ્યઅધિકારીવર્ગમાંના ( પ્રધાનપુત્ર ) હોવાથી એની શેહ-સ્પૃહામાં ગુરૂ ખેંચાય છે, એવા પ્રકારે ગુરૂવચન ઉપર અશ્રદ્ધા આવ્યાનો ઇસારો છે; અને ૬૧ મી ગાથામાં ગુરૂનાં વચન ઉપર અસર્દ્ધ આણી સ્થૂલિભદ્રે કર્યું એવું તો હુંએ કરી બતાવું એવા અહંકારમાં ગુરૂએ વાર્યા છતાં સિંહગુફા વાસી મુનિ બીજે ચોમાસે ઉપકોશાના આવાસે રહી અસિધારાવ્રતથી પતિત થઇ ઉપહાસ-પશ્ચાત્તાપના ભાજન થયાની વાતનો ઇસારો છે.

ગાથામાંનો સ્થૂલિભદ્રનો ઇતિહાસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ અધિકાર ઐતિહાસિક છે, અને એ શ્રી વીરાત્ બીજા ત્રીજા સૈકામાં બનેલો છે. એ વગેરે માટે શ્રી **પરિશિષ્ટ પર્વ, સ્થવીરાવલિ** આદિનાં પ્રમાણુ છે. ઉપલી ત્રણે ગાથાનો પ્રસંગ શ્રી **સ્થૂલિભદ્ર**ના ૩૧–૩૨–મા વરસમાં બન્યો હોવો જોઈએ, કેમકે તેઓ ૩૦ વરસ ઘરમાં વસ્યા: અને ત્યાગી થયા પછી પહેલુંજ ચોમાસું કોશાને ઘેર રહ્યા છે; એટલે એ **૩૧** મું વરસ; અને બીજે વરસે સિંહગુફાવાસી સાધુએ વેશ્યામંદિરે ચોમાસું કર્યું ! એટલે એ શ્રી **સ્થૂલિભદ્ર**જીનું ૩૨ મું વરસ. શ્રી **સ્થૂલિભદ્ર**જી પટ્ટાવલિ અનુસાર **શ્રી વીરાત્ ૧૧૬**માં જન્મેલ; એટલે આ પ્રસંગ શ્રી **વીરથી ૧૪૮ વરસે** ( દોઢ સૈકા પછી ) બનેલ.

*સ્થૂલિભદ્ર વીરાત્ બીજા સૈકામાં થયાના આધાર.*

પ્રશ્ન થાયછે કે શ્રી **ધર્મ**દાસજી જો **વીર**ના વખતમાં હૈયાત હોય અને એમના હસ્તદીક્ષિત શિષ્ય હોય, તો તેઓ શ્રી **વીર** પછી દોઢ સૈકા પછી બનેલી વાતનું સૂચવન પોતાના ગ્રંથમાં કેવી રીતે આણી શકે ? શ્રી **ધર્મ**દાસજીનું આયુષ્ય બહુ લાંબું હોય તો આ વાત સ્વોપજ્ઞ ગ્રંથમાં આવી શકે; પણ તેવું લાંબું આયુષ્ય આ કાળે આ ક્ષેત્રે કોઇ આચાર્યનું આપણે સાંભળ્યું નથી. શ્રી સ્થૂલિભદ્રજીના પ્રસ્તુત પ્રસંગની વાત પોતાના ગ્રંથમાં આણવા માટે શ્રી **ધર્મ**દાસજીનું આયુષ્ય ઓછામાં ઓછું **૧૬૦** વરસનું હોવું જોઇએ, પણ તેવી વાત તો આપણે વાંચી–સાંભળી નથી. તેમ કદાચ ધારો કે **૧૬૦** કે છેવટ **૨૦૦** વરસનું શ્રીમાન્ **ધર્મ**દાસજીનું આયુષ્ય હોય, તો પછી **વીર** પછી પાંચસો વરસે થયેલા શ્રી વજ્ર સ્વામીના પ્રસંગની વાત તો જો શ્રી **ધર્મ**દાસજીનું આયુષ્ય પાંચસો વરસ કે તેથી વધારેનું હોય તોજ પોતાના ગ્રંથમાં લાવી શકે: પણ આ કાળે એવાં દીર્ઘાયુ મનુષ્ય નથી એની શાસ્ત્ર, ઇતિહાસ, અનુભવ ( સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચુર્ણિ, વૃત્તિ અને પરંપર અનુભવ ) શાખ પુરે છે. **શ્રી જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ** અનુસાર આ કાળે આ ક્ષેત્રે મુખ્યવૃત્તિએ ઉત્કૃષ્ટ આયુ **૧૨૦** વરસનું હોય, એમ શ્રીયુત **અનુપચંદ મલુકચંદ** કહે છે. વળી એઓજ **શ્રી હરિભદ્રસુરિકૃત આવશ્યકટીકા** ( ૨૨૦૦૦ ) ની શાખ આપી શ્રી ***આર્યરક્ષિત**સૂરિ પાસે ઇંદ્રે વિપ્રવેષે આવી હસ્તરેખા દેખાડ્યાનો અધિકાર આપે છે. ( પ્ર. ર. ચિં. પ્રશ્ન ૧૨૧ )....તેમાં બસો–ત્રણસો વરસ જોયા પછી શ્રી **આર્ય**રક્ષિત સૂરિ કહે છે કે આ તો ઇંદ્ર છે, દેવ વિના આટલું આયુષ્ય ન હોય, ઇત્યાદિ. વળી મરહુમ

*ધર્મદાસજીનું આયુષ્ય બહુ લાંબું હતું? આ કાળનો આયુષ્ય વિચાર.*

* શ્રી **સમ્યકત્વ સપ્તતિની** ટીકામાં કાલિકાચાર્ય કહ્યા છે, પરંતુ એ બંને નામ એકજ પુરૂષનાં છે, એમ શ્રી ધર્મરત્ન પ્રકરણાદિથી સિદ્ધ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમદ્ રાજચંદ્રે શ્રી ભદ્રબાહુસંહિતાની શાખ આપ્યાનો અધિકાર પણ તેજ પ્રશ્નોત્તરમાં શ્રીયુત શેઠ આપે છે, તેમાં જણાવેછે કે "ધન લગ્નમાં જન્મ હોય, તે કુંડલિમાં ચોથે મીનનો ગુરૂ હોય, અને અગ્યારમે તુલાનો શનિ તથા શુક્ર હોય એવી રીતના ગ્રહ હોય, તે અંશે કરીને બળવાન્ હોય; વળી આઠમે કોઈ ગ્રહ આવે નહીં, અને શનિની કે શુક્રની દશામાં જન્મ થાય એવી રીતનો યોગ આવે તો ૨૧૦ (બસોદશ) વરસનું તેનું આયુષ્ય થાય. ૯૦ "

આમ જોતાં શ્રી ધર્મદાસ ગણિનું આયુષ્ય ઉત્કૃષ્ટ ૧૨૦ વરસનું માની શકાય, ૨૦૦--૫૦૦ નું માની ન શકાય; અને જો એમ હોય તો શ્રી આર્યરક્ષિતસૂરિ (કાલિકાચાર્ય) ને, ઉપર જણાવ્યું છે તેમ, ૨૦૦--૩૦૦ વરસ જોયા પછી આ તો ઇંદ્રિ ... છે, એમ એકદમ કહેવાની જરૂર ન પડત ; અને શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ તથા આવશ્યકની ટીકામાં શ્રી હરિભદ્રસૂરિ એની નોંધ ન લેત.

અવધિજ્ઞાનીસંબંધે-

કોઈ પ્રશ્ન કરે કે શ્રીમાન્ અવધિજ્ઞાની હતા, તેથી એઓશ્રી સ્થૂલિભદ્ર આદિ અંગે સૂચવન કરી શકયા. આ દલીલ સામે પણ વાંધા આવે છેઃ--

(अ) અવધિજ્ઞાન ક્ષેત્રાશ્રયી છે, અને ઉત્કૃષ્ટ તે લોકાવધિ છે. લોકમાં દ્રવ્ય માત્ર સમાઇ જાય છે; એ લોકમાં પણ અવધિજ્ઞાનીને રૂપી પદાર્થો પ્રત્યક્ષ હોય છે, અરૂપી નહિં. અત્રે તો કાળનો પ્રશ્ન છે; અને કાળ તો અરૂપી ઔપચારિક દ્રવ્ય છે, એટલે અવધિજ્ઞાની વર્ત્તમાનરૂપી પદાર્થનેજ જોઈ--જાણી શકે છે. આમ જોતાં શ્રીમાન્ અવધિજ્ઞાની હોવા છતાં જો તેઓ શ્રી વીરપ્રભુના સમયમાં વિદ્યમાન હોય તો ત્યારપછી ૧૫૦ વરસે બનેલા પ્રસંગને પોતાના ગ્રંથમાં સૂચનરૂપે ટાંકી શકે એ વાત બંધબેસતી નથી.

(आ) કદાચ પોતાના શ્રુતજ્ઞાનના બળે એઓએ ભાવી જાણ્યું હોય, અથવા સર્વજ્ઞ સર્વદર્શી શ્રી મહાવીર દેવના શ્રી મુખેથી એઓએ ભાવિભાવનું શ્રવણ કર્યું હોય, અથવા કોઇ અન્ય કેવલીદ્વારા એઓને ભાવિકાળે થનારા શ્રી સ્થૂલિભદ્ર આદિનો પ્રસંગ જાણવામાં આવ્યો હોય, અને તેથી તેઓએ એ એ પ્રસંગોનું દૃષ્ટાંતરૂપે નિરૂપણ કર્યું હોય, તોપણ વિરોધ આવે છે.

ભાવિકાળનાં દૃષ્ટાંત આપી શકાય ખરાં?

દૃષ્ટાંત હમેશાં ભૂતકાળનું હોય છે; એ (દૃષ્ટાંત) શબ્દજ "પૂર્વે" "ભૂતકાળે" એવું સૂચવે છે. ઉપદેશમાળામાં જે પ્રસંગને લઈ આર્યસંભૂતિવિજય, સ્થૂલિભદ્ર આદિનાં સૂચવન આપ્યાં છે, તે બધાં દૃષ્ટાંત રૂપે છે, એવું સહેજે ધ્વનિત થાય છે. ભૂતકાળમાં થયા હોવાનું સહેજે જણાઇ આવે છે. વળી ગાથા ૬૬ની માં "खमियं" (क्षमितं) શબ્દજ (ખમ્યા સાંખ્યા) ભૂતકૃદંતનું રૂપ છે. આથી એમ સૂચિત થાય છે કે પ્રસ્તુત ગ્રંથ શ્રી સ્થૂલિભદ્રના વખત પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખાયો છે, નહિ તો લખવાની શૈલિ એવી થાત કે :—" જેમ ભાવિકાળે શ્રી **સ્થૂલિભદ્રને સંભૂતિવિજય** દુષ્કર દુષ્કર કરનાર એમ કહેશે. ઇત્યાદિ." જ્ઞાનીઓએ ભાવિકાળની વાતો વર્ણવી છે. શાસ્ત્રોમાં એવા ઘણા પ્રસંગ છે. પાંચમા–છઠ્ઠા આરાના ભાવ, કલિ મહાત્મ્ય, ભાવિ ચોવિશી, ઇત્યાદિ અંગે જ્ઞાનીઓ પોતાના જ્ઞાનબળે પ્રવચન ભાખી ગયા છે, અને એ સત્ય નિવડ્યાં છે. શ્રી **સિદ્ધસેનદિવાકરે** માલવપતિ વિક્રમને કહેલ કે :—

" पुण्णे वास सहस्से,
" सयंमि वरिसाया नवनवइ कल्लिए ।
" होइ कुमर नरींदो,
" तुह विक्कमरायसारिच्छो " ॥

"હે ! વિક્રમરાય ! પવિત્ર **૧૧૯૯**ની સાલમાં તારા જેવો **કુમારપાળ** રાજા થશે."

તેમજ શ્રી **ધનેશ્વરસૂરિએ શત્રુંજય મહાત્મ્ય** ગ્રંથ વિ. સં. ૪૭૭ માં લખ્યો છે, તેમાં શ્રી **શત્રુંજય**ના ઉદ્ધારના ભાવિ વૃત્તાંતોના લેખ છે, તેમાં શ્રી **વસ્તુપાળ**, **કુમારપાળ**, **વાગ્ભટ**, **સમરાશા** આદિ પ્રભાવક પુરૂષોનાં ભવિષ્ય કથન છે, જે બધાં સાચાં નિવડ્યાં છે. વળી હમણાના કાળમાં મારા દાદા *ચતુર્ભુજભાઈને વિ. સં. ૧૮૯૮માં કોઈ સંવિગ્ન સાધુએ બહાર ગામ જતાં વાટમાં ભાવિ કથન કહી બોધ પમાડ્યા હતા. ( મારા દાદા એક ભદ્રિક પરિણામી ધર્માત્મા હતા. સાધુના ભાવિ કથન ખરાં પડ્યાં હતાં. ) મને પોતાને પણ સત્પુરૂષનાં ભવિષ્ય કથન ઉપર શ્રદ્ધા ચોંટી છે.

આવા પ્રકારે **ધર્મદાસજી** કહી શકત, પણ તેઓએ તો જે જે વાતો કહી છે, તે ભૂતકાળનાં દૃષ્ટાંતરૂપે કહી છે; એટલે એઓશ્રી એ દૃષ્ટાંતગત પાત્રોની પછી થયા હતા એમ માન્યા વિના ચાલે એમ નથી.

• ધારો કે ભાવિ પ્રસંગરૂપે શ્રી સ્થૂલિભદ્ર આદિનાં વૃત્તાંતો ઉપદેશમાળામાં આપ્યાં છે, તો ફરી પ્રશ્ન ઉઠે છે કે છેવટમાં છેવટ વજ્રસ્વામી સુધીની એટલે કે વીરાત્ ૬૦૦ છસો વરસ સુધીની વાતોનુંજ કેમ સૂચવન હશે? એથી પણ આગળના આગામિ કાળનું કથન કહી શકાત.

**અપૂર્ણ.**

---

* મનસુખ કિરતચંદ, કિરતચંદ ચતુર્ભુજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# उज्झित कुमार.

मनोवाक्काययोगानां, चापल्यं दुःखदं मतम् ।
तत्त्यागान्मोक्षयोगानां, प्राप्तिः स्यादुज्झितादिवत् ॥१॥

**ભાવાર્થ**—" મન, વચન અને કાયાની ચપળતા દુખઃદાયક કહેલી છે, તેની ચપળતાનો ત્યાગ કરવાથી ઉજ્ઝિત મુનિ વગેરેની જેમ મોક્ષયોગની પ્રાપ્તિ થાય છે."

નંદીપુરમાં **રત્નશેખર** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **રત્નમતી** વિગેરે રાણીઓ હતી. તેમને [1]મૃતવત્સાના દોષને લીધે જેટલાં બાળકો થતાં તે સર્વ મરી જતાં હતાં. તે દોષના નિવારણ માટે તેણે અનેક ઉપાયો કર્યા, પણ તે સર્વ નિષ્ફળ થયા. એકદા રાણીને એક પુત્રનો પ્રસવ થયો, તે પુત્રને મરણ પામેલો ધારીને ઉકરડામાં નાખી દીધો. દૈવવશાત્ તે પુત્ર મરણ પામ્યો નહીં; તેથી તેને ઉકરડામાંથી પાછો લઇ લીધો.તેનું નામ **ઉજ્ઝિતકુમાર** પાડ્યું. અનુક્રમે તે યુવાવસ્થા પામ્યો; પરંતુ સ્વભાવેજ મનમાં અત્યંત અહંકારી થયો. શરીરવડે પણ એવો અહંકારી થયો કે કોઇને મસ્તક નમાવે નહીં, તેમ વાણીથી પણ દુર્વચન બોલનારો થયો. આખા જગતને તૃણ સમાન ગણતો સતો સ્તંભની જેમ અક્કડ રહીને પોતાના માતાપિતાને પણ નમે નહીં. એકદા તે લેખશાળામાં ગયો. ત્યાં ભણાવનાર ગુરૂને ઉંચે આસને બેઠેલા જોઇને તેણે કહ્યું કે " અરે ! અમારા અને અમારી રૈયતના આપેલા દાણાનો ખાનાર થઈને ઉંચા આસનપર બેસે છે, અને મને નીચે બેસાડે છે. " એમ કહીને ગુરૂને લાત મારી નીચે પાડી દીધા. તે વાત સાંભળીને ' આ કુપુત્ર છે ' એમ જાણી રાજાએ તેને પોતાના દેશમાંથી દૂર કર્યો.

ઉજ્ઝિતકુમાર ચાલતો ચાલતો એક તાપસના આશ્રમમાં ગયો, ત્યાં પગ ઉપર પગ ચડાવીને તે તાપસોની સામે બેઠો: એટલે તાપસોએ તેને શિખામણ આપી કે " હે ભાગ્યશાળી ! વિનય રાખ. " તે બોલ્યો કે " મસ્તકપર જટાજુટ રાખનાર અને આખે શરીરે ભસ્મ ચોળનાર નગ્ન બાવાઓને વિષે વિનય શો ? " તેવું ગર્વિષ્ટ વચન સાંભળીને તાપસોએ તેને તરત ત્યાંથી કાઢી મૂક્યો. એટલે તે ક્રોધથી બોલ્યો કે " અરે ! મારા પિતાનું હું રાજ્ય પામીશ ત્યારે તમારો નિગ્રહ કરીશ. " એમ કહીને બબડતો બબડતો તે આગળ ચાલ્યો. માર્ગમાં તેને એક સિંહ મળ્યો, તેને જોઇને હાથમાં તીક્ષ્ણ ખડ્ગ લઇ અહંકારથી તેની સન્મુખજ ચાલ્યો. સિંહની સાથે યુદ્ધ થતાં સિંહ તેને ખાઇ ગયો. તે મરીને ગર્દભ થયો. ત્યાંથી મરીને ઊંટ થયો, ત્યાંથી મરીને ફરીથી નંદીપુરમાંજ પુરોહિતનો પુત્ર થયો. બાલ્યાવસ્થામાંજ તે ચૌદ

[1] મરેલાં બાળક અવતરે તેવો દોષ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્યાનો પારગામી થયો. ત્યાં પણ અહંકારથીજ મૃત્યુ પામીને તેજ નંદીપુરમાં ગાયન કરનારો [1]ડુંબ થયો. તેને જોઇને પુરોહિતને તેનાપર ઘણો સ્નેહ થવા લાગ્યો. એવામાં કોઈ કેવળજ્ઞાની તે ગામે પધાર્યા, તેને પુરોહિતે નમ્રતાથી પૂછયું કે "હે પૂજ્ય ! આ ડુંબના પર મને ઘણો પ્રેમ થાય છે તેનું શું કારણ ? " ત્યારે કેવળીએ તેના પૂર્વ ભવનું સર્વ વૃત્તાન્ત કહ્યું, તે સાંભળીને તે ગાયકને જાતિસ્મરણજ્ઞાન થયું; તેથી તે કેવળી પરમાત્માનાં વચન સાંભળવાનો રસિક થયો. પછી તે ગાયકે પોતાના ઉદ્ધારનો ઉપાય પૂછયો. ત્યારે શ્રી કેવળીએ સ્યાદ્વાદપક્ષથી યુક્ત એવું મન, વચન અને કાયારૂપ ત્રણ યોગની શુદ્ધિનું સ્વરૂપ પ્રકાશિત કર્યું, તથા મોક્ષના હેતુરૂપ પાંચ યોગના સ્વરૂપનું પણ નિરૂપણ કર્યું. તે આ પ્રમાણે—

**मोक्षेण योजनाद्योगः, सर्वोऽप्याचार इष्यते ।**
**विशिष्य स्थानवर्णार्थालंबनैकाग्रगोचरः ॥ १ ॥**

**ભાવાર્થ**—" સર્વ આચાર મોક્ષની સાથે યોગ કરનાર હોવાથી યોગરૂપ કહેલ છે. તેમાં પણ સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને એકાગ્રતા એ પાંચને વિશેષે કરીને યોગરૂપ માનેલા છે. "

અહીં મિથ્યાત્વાદિકના કારણભૂત એવા મન, વચન, કાયાના યોગ કર્મવૃદ્ધિ કરવાના હેતુભૂત હોવાથી ગ્રહણ કરવા નહીં; પણ મોક્ષસાધનના હેતુભૂત યોગ જ ગ્રહણ કરવું. સમગ્ર કર્મનો જે ક્ષય તે મોક્ષ છે. મોક્ષની સાથે જોડનાર હોવાથી તે યોગ કહેવાય છે. જિનશાસનમાં કહેલો ચરણ સત્તતિ, કરણ સત્તતિરૂપ ર આચાર મોક્ષના ઉપાયભૂત હોવાથી યોગ છે. તેમાં પણ સ્થાન, વર્ણ, અ આલંબન અને એકાગ્રતા એ પાંચ પ્રકારના યોગને વિશેષે કરીને મોક્ષસાધન ઉપાયમાં હેતુ માનેલો છે. અનાદિ કાળથી પરભાવમાં આસક્ત પ્રાણી ભવભ્રમણ કરનારા હોવાથી પુદ્ગળના ભોગવિલાસમાં મગ્ન થયેલા હોય છે, તેને આ યોગ પ્રાપ્ત થતો નથી. પરંતુ અમારે તો એક મોક્ષજ સાધ્ય છે; એમ ધારી જે પ્રાણી ગુરૂસ્મરણ તથા તત્ત્વજિજ્ઞાસા વિગેરે યોગવડે નિર્મળ, નિઃસંગ અને પર નંદમય આત્મસ્વરૂપને સંભારીને તેનીજ કથા સાંભળવામાં પ્રીતિ રાખે છે, તે ણીને પરંપરાએ આ યોગ સિદ્ધ થાય છે; પણ મરૂદેવા માતાની જેમ સર્વ પ્રા ઓને અલ્પ પ્રયાસે સિદ્ધિ થતી નથી. કેમકે મરૂદેવા માતાને તો આશાતના દોષ અત્યંત અલ્પ હતા, તેથી તેને પ્રયાસ વિનાજ સિદ્ધિ પ્રાપ્ત થઇ હતી; અને બ જીવોને તો આશાતનાદિ દોષ અત્યંત હોય છે, તેથી ગાઢ કર્મના બંધનવાળા વાને લીધે તેમને તો સ્થાનાદિ ક્રમે કરીનેજ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

---

1 ડુંબ દેહની જાતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં સ્થાન એટલે ... કરવી, કાયોત્સર્ગે ઉભા રહેવું, વીરાદિક આસન વાળવાં તથા મુદ્રાઓ ... વગેરે; વર્ણ એટલે અક્ષરોનો શુદ્ધ ઉચ્ચાર કરવો, ... કે વા... ભાવાર્થ ચિંતવવો, આલંબન એટલે અર્હત્સ્વરૂપ વાચ્ય પ... જ ઉ... રાખવો, અને એકાગ્રતા એટલે શુદ્ધ સ્વરૂપમાં નિશ્ચલતા થવી. જ્યાં ... ધ્યાનની એકતા ન થાય, ત્યાં સુધી અંગન્યાસ ( આસન ), મુદ્રા ... વર્ણ ... શુદ્ધિ ... ક આવશ્યક, ચૈત્યવંદન, પડીલેહણ વિગેરે ક્રિયાઓ ઉપયોગની ચપળતાના ... રણ માટે અવશ્ય કરવી. કેમકે તે સર્વ જીવોને અતિશય હિત... અને ..., વર્ણના ક્રમથીજ તત્ત્વની પ્રાપ્તિ થાય છે.

હવે તે ... યોગમાં બાહ્ય અને અભ્યંતર સાધકપણું બતાવે છે. યોગપંચકમાં સ્થાન ... ર્ણ એ બે કર્મયોગ બાહ્ય છે, અને બાકીના ત્રણ જ્ઞાનયોગ તે અભ્યંતર છે. ... પાંચે પ્રકારના યોગ દેશવિરતિ અને સર્વવિરતિને વિષે અવશ્ય હોય છે. આ ... યોગ ચપળતાની નિવૃત્તિમાં કારણરૂપ છે. માર્ગાનુસારી વિગેરેમાં આ યોગ બી... માત્ર હોય છે. ”

... પ્રમાણે કેવળીના મુખથી ધર્મોપદેશ સાંભળીને સંસારની અનિત્યતા ... ઉજ્જિત અને કુંબ બન્ને શુદ્ધ ધર્મને અંગીકાર કરી પાળીને સ્વર્ગે ગયાં. ... ત્યાંથી અનુક્રમે મુક્તિને પામશે.

## ઇતિ ઉજ્જિત કુમાર કથા.

આ નાની સરખી કથા ઉપરથી સાર ઘણો ગ્રહણ કરવાનો છે. પ્રથમ તો જે ... અભિમાનગ્રસ્ત થાય છે તે ઉજ્જિતકુમારની જેમ દુઃખી થાય છે, અને ... ભ્રમણ કરે છે. ભવભ્રમણમાં પણ જો સદ્ગુરૂની જોગવાઈ પ્રાપ્ત થાય છે, તો તેની ... ધર્મની પ્રાપ્તિ થઇ શકે છે, અને ભવભ્રમણ ટળી જાય છે. ગુરૂમહારાજ પણ ... યોગ્યતા જોઇને તેને અનુરૂપ ઉપદેશજ આપે છે કે જેના આરાધનવડે તેની ... થોડા કાળમાં સિદ્ધિ થાય છે. કુંબ થયેલા ઉજ્જિતકુમારના જીવને અને પ્રધાનને ... ભગવંતે બહુ થોડા શબ્દોમાં ધર્મ સમજાવ્યો છે, અને યોગની ચપળતા ટાળવા માટે સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને એકાગ્રતારૂપ પાંચ યોગનું ટુંકું સ્વરૂપ મોક્ષસાધનના હેતુભૂત બતાવ્યું છે; તે પાંચમાં પ્રથમના બે યોગ ક્રિયારૂપ છે, ... પાછલા ત્રણ યોગ જ્ઞાનરૂપ છે. તેની અંદર કાર્યકારણભાવ રહેલો છે. તે પાંચે ... આદરણીય છે. જેમ જેમ આગળ આગળના યોગની પ્રાપ્તિ થાય છે, તેમ તેમ પાછ... ની આવશ્યકતા ઓછી થાય છે. પાંચ યોગના સ્વરૂપનો જેટલો વિસ્તાર કરી... તેટલો થઇ શકે છે. કારણ કે તેની અંદર સર્વ પ્રકારની જ્ઞાનક્રિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે. બુદ્ધિમાન હળુકર્મી પ્રાણી થોડા શબ્દોવડેજ સાર ગ્રહણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી ત્રિકરણ શુધ્ધે તેનું આરાધન કરી આ દુઃખથી ભરેલા સંસારસમુદ્રના પારને પામી જાય છે.

# ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ્.

રાજકોટ તા૦ ૨૮–૨૯–૩૦ અકટોબર.

આ પરિષદ્નો મેળાવડો રાજકોટ મુકામે આસો શુદિ ૧૫, વદિ ૧ ને વદિ ૨ એ ત્રણ દિવસે **દીવાનબહાદુર અંબાલાલ સાકરલાલ** દેશાઇના પ્રમુખપણા નીચે મળ્યો હતો. તેની અંદર કેટલાક રાજવંશીઓ, દીવાનો, વિદ્વાનો, વ્યાપારીઓ અને સન્નારીઓએ ભાગ લીધો હતો. તેની અંદર સત્કાર કમીટીના પ્રમુખ તરીકે **ગોંડળના રાણીસાહેબ શ્રી નંદકુંવરબા**ની નીમનોક કરવામાં આવી હતી. એમણે સત્કાર કમીટીના પ્રમુખ તરીકે જે ભાષણ આપ્યું છે તે ખાસ વાંચવા લાયક છે. તેની અંદર ચારે પુરૂષાર્થ સંબંધી સાહિત્યને ભાષાદેવીના પૃથક્ પૃથક્ અંગના આભૂષણ તરીકે કલ્પવામાં આવેલ છે, તેમાં ચોથા પુરૂષાર્થ સંબંધી તેઓ લખે છે કે—

" ભાષાના નાકનું આભૂષણ મુક્તિ છે. મુક્તિ એટલે સંસારબંધનથી છૂટી અશેષ દુઃખની નિવૃત્તિ ને પરમ સુખની પ્રાપ્તિરૂપ એક દશા છે. એ સ્થિતિનો અનુભવ એજ મનુષ્યમાત્રનો પરમ પુરૂષાર્થ છે. સઘળા પુરૂષાર્થનું એ નાક છે. માણસ આકાશ પાતાળના ભેદોની માહિતગારી મેળવે, મહાસાગરની ઉંડાઇ માપે, તરેહ તરેહની શોધખોળ કરે, પુસ્તકશાળાના અનેક ગ્રંથોના અભિપ્રાયથી મગજને ઠસોઠસ ભરે, પરંતુ જ્યાં સુધી પોતે કોણ છે તે જાણતો નથી તો તેણે શું જાણ્યું ? તમામ ઉત્પન્ન થતો વસ્તુ અસ્થિર છે, કાળાધીન છે, તો સ્થિર ને કાળાતીત વસ્તુ કઇ છે તેની શોધ કરવી ઘણી જરૂરની છે. પ્રાણી માત્ર સુખની ઇચ્છા રાખે છે. વિષયના ભોગથી સુખ મળતું લાગે છે, પણ પરિણામે તે દુઃખનો હેતુ જ સમજ્યામાં આવે છે. જેના યોગથી સુખ તેના વિયોગથી દુઃખ, એ વાત કોને અજાણી છે? તો એવાં મિશ્રિત સુખને ઠેકાણે કેવળ શુદ્ધ સુખની પ્રાપ્તિની અભિલાષા સહુને હોવી જોઇએ. એ સુખશાંતિ ત્યારેજ મળે—ત્યારેજ સુખરૂપ થવાય—કે જ્યારે આ જગતનું યથાર્થ સ્વરૂપ સમજ્યામાં આવે, જીવ ચેતનનો ને ઇશ્વર ચેતનનો શો સંબંધ છે, માણસનું શરીર પડ્યા પછી તેના જીવ ચેતનની શી દશા થાય છે, પુનર્જન્મ છે કે નહિ, અનાદિ કાળથી ચાલતા આવેલા સંસારનો અંત છે કે નહિ, છે તો શી રીતે; એવા એવા સવાલોનું બુદ્ધિ કબુલ કરે એવું સમાધાન જેમાં કીધું હોય એવા મોક્ષશાસ્ત્ર સંબંધી સાહિત્યથી ભાષા મુખ્યત્વે કરીને સુશોભિત થવી જોઇએ. આ અપૂર્વ ને અધ્યાત્મિક વિષય ઉપર પ્રાચીન ઋષિમુનિઓએ જોઇતું અજવાળું પાડ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરતખંડની આ ભારતી વિદ્યા આપણને ખાસ વારસામાં મળેલી કિંમતી પુંજી છે. માટે ભાષાંતર રૂપે તથા સ્વતંત્ર લેખ દ્વારા તેની પ્રસિદ્ધિ ભાષાસાહિત્યની ચઢતી કરનારી છે, એમ હું માનું છું.”

એક રાજદ્વારી સ્ત્રીજાતિના મુખમાંથી આવા શબ્દો નીકળે તે ખરેખરા પ્રશંસનીય છે. અન્ય સ્ત્રીવર્ગે તેનું અનુકરણ કરવા યોગ્ય છે.

પરિષદ્‌ના પ્રમુખ દી૦ બા૦ અંબાલાલભાઇનું ભાષણ પણ વાંચવા લાયક છે, તેની અંદર બહુ વ્યવહારૂ મુદ્દાઓ સમાવેલા છે.

આ પરિષદ્‌ની અંદર ત્રણ દિવસમાં કુલ ૪૪ લેખો વાંચવામાં આવ્યા છે, તેની અંદર ત્રણ લેખો જૈન લેખકોના વંચાયા છે—

૧ **રા. રા. પોપટલાલ કેવળચંદ શાહ.**
જૈન ગુજરાતી સાહિત્ય

૨ **રા. રા. મનસુખલાલ કિરતચંદ મહેતા.**
જૈન સાહિત્ય

૩ **રા. રા. મનસુખલાલ રવજીભાઇ મહેતા.**
ગુજરાતી ભાષાનો જન્મ જૈનીઓથી હોવા સંભવ છે?

આ ત્રણ લેખકો પૈકી પ્રથમના લેખકે પોતાનો લેખ મોટે ભાગે જાતેજ વાંચ્યો હતો, પરંતુ તે છપાવેલ ન હોવાથી તે સંબંધી અત્ર કાંઇ લખી શકતા નથી, તોપણ તેમણે શ્રોતાજનો ઉપર જૈન સાહિત્યના સંબંધમાં સારી અસર કરી હતી. બીજા લેખકે પણ પોતાનો લેખ જાતે વાંચ્યો હતો. પરંતુ લેખ ઘણો મોટો અને વખત ઘણો ટુંકો તેથી તેમાંથી બહુજ અલ્પ ભાગ વાંચી શકાયો હતો. આ લેખકે પોતાના લેખમાં કરેલો પ્રયાસ બહુ સ્તુતિપાત્ર છે, તેમનો આખો લેખ સાદ્યંત વાંચી જવાની દરેક જૈન બંધુને ભલામણ કરવામાં આવે છે.

ત્રીજા લેખના લેખક પોતે જાતે હાજર થઇ શકયા નહોતા તેથી તેમનો લેખ જૈન કોન્ફરન્સ તરફથી આવેલ શાસ્ત્રી તુકારામે વાંચવા લીધો હતો; પરંતુ તેમનો કંઠ બરાબર ન ચાલવા વિગેરે કારણથી તે બહુ અલ્પજ વંચાયો તેમજ સંભળાયો હતો. આ લેખ આખો વંચાવાની ખાસ આવશ્યકતા હતી. કારણકે એમના લેખના મથાળામાં જે શબ્દો છે તેને અંગે ગુજરાતી પત્રના ચર્ચાપત્રી વિગેરેએ જે ગેરસમજુતી ઇરાદા પૂર્વક ફેલાવી દીધી છે તે ઘણે ભાગે દૂર થઇ જાત. સદરહુ ચર્ચાપત્રી કહેવા માગે છે તેમ રા. રા. મનસુખભાઇ પોતે કહેતાજ નથી કે ‘ ગુજરાતી ભાષા અમે બનાવી છે; એઓ પોતાના લેખની અંદર “ ગુજરાતી ભાષાનો જન્મ જૈનિયોથી એટલે શું ? ” એ મથાળા નીચે સ્પષ્ટ લખે છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" ગુજરાતી ભાષાનો જન્મ જૈનિયોથી એટલે શું ? શું ગુજરાતી ભાષા જૈનિયોએ બનાવી ? પૃથ્વીપર જેટલી ભાષાઓ વિદ્યમાનતા ધરાવે છે તેટલી ભાષાઓમાંથી કોઈ પણ ભાષા કોઈ ચોક્કસ વર્ગે ભાષા બનાવવાનો ઇરાદો રાખી બનાવી છે એમ કહેવું એ યોગ્ય નથી; અને જો યોગ્ય નથી તો ગુજરાતી ભાષાને ઇરાદાપૂર્વક જૈનિયોએ બનાવી એમ કહેવાનો હેતુજ કેમ હોય ? જેને જૈન પરિભાષામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ કહેવામાં આવે છે તેને અનુસરી ભાષા બંધાય છે, અને તેજ નિયમાનુસાર ગુજરાતી ભાષા બંધાઈ છે. શાસ્ત્રકારો કોઇ પણ કાર્ય થવામાં બે કારણો કહે છે. ઉપાદાન અથવા મૂળ કારણ અને નિમિત્ત અર્થાત્ ઉત્તર કારણ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ગુજરાતી ભાષાની ઉત્પત્તિનું ઉપાદાન કારણ છે; અને દ્રવ્યાદિ ઉપાદાન કારણમાં જેટલે અંશે જૈનિયો નિમિત્ત થયા હશે તે તેઓનું નિમિત્ત કારણ છે. આ નિમિત્ત કારણની અપેક્ષાએ જૈનિયોથી ગુજરાતી ભાષાનો જન્મ કહ્યો છે. "

આમ છતાં કેટલાક વિઘ્નસંતોષીઓ તેનો અર્થ જુદોજ લઇને ભિન્નભાવમાં વૃદ્ધિ કરવામાંજ પોતાનું શૌર્ય સમજે છે, વળી કેટલાક સુજ્ઞ કહેવાતા ભાઇઓ બે મનસુખલાલના લેખો એક બીજાથી વિરૂદ્ધ છે, એમ ઠરાવી તેની અંદર વિરોધ ઉત્પન્ન કરવામાં પોતાની બહાદુરી સમજે છે. અમે એ બંને લેખ સાદ્યંત વાંચી જોયા છે. તેથી અમને તો એ બંને લેખકોનું સાધ્યબિંદુ એકજ જણાયું છે. આજ સુધી ગુજરાતી ભાષાના આદ્ય કવિ તરીકે ગણાતા શ્રી નરસિંહ મહેતાની પૂર્વે થયેલા જૈનાચાર્યોના ગુજરાતી ભાષાના લેખોની એ બંને લેખકો નોંધ આપે છે. તેની ટુંકી વિગત નીચે પ્રમાણે છે—

વિ. સં. ૧૪૦૫ માં દિલ્લીમાં લખાયેલ **રાજશેખરનો વસ્તુપાળરાસ** તથા **ભરત બાહુબળીરાસ** અને **ક્ષેમપ્રકાશ રાસ.**

વિ. સં. ૧૪૧૨ માં વિજયભદ્ર અથવા **ઉદયવંત** મુનિએ લખેલ **ગૌતમ સ્વામીનો રાસ, હંસવચ્છરાસ, શીલરાસ.**

વિ૦ સં૦ ૧૪૧૩માં શ્રી**હરસેવક** નામના જૈનમુનિએ લખેલ **મયણરેહારાસ.**

વિ૦ સં૦ ૧૪૫૦માં શ્રીસોમસુંદરસૂરિએ લખેલ આરાધનારાસ.

વિ૦ સં૦ ૧૪૫૫માં શ્રીમુનિસુંદરસૂરિએ લખેલ **શાંતરસરાસ.**

આ ઉપરાંત રા૦ રા૦ ધ્રુવ જણાવે છે કે હમણાંજ તેઓના જોવામાં બે રાસ આવ્યા છે. બંને જૈન છે, એક વિક્રમ સંવત ૧૨૨૫ કે ૧૨૪૫નો અને બીજો વિ૦ સં૦ ૧૩૨૭નો **સપ્તક્ષેત્રી** નામે છે. ભાષા અપકૃષ્ટ પ્રાકૃત લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણોની નોંધ આપવા વડે બંને વિદ્વાનો એમ સિદ્ધ કરવા માગે છે કે " આજ સુધી શ્રી નરસિંહ મહેતાનું ગુજરાતી પદ્યસાહિત્ય સર્વથી પહેલાનું છે એમ જણાવાથી તેને તમે આદિ કવિની પદવી આપી હતી, અને તેમાં અમે કોઇ પણ જાતનો વાંધો ઉઠાવ્યો નહોતો. હવે જ્યારે અમે તેના કરતાં સો અથવા તેથી વધારે વર્ષ અગાઉનું જૈનાચાર્યનું કરેલું ગુજરાતીપદ્યસાહિત્ય બતાવીએછીએ, ત્યારે તમને નરસિંહ મહેતાને આપેલું આદિ કવિનું ઉપનામ બીજાને આપવામાં શા કારણથી શિતળતા આવે છે ? હજી અમે કબુલ કરીએ છીએ કે તમે ત્યાર અગાઉનું તમારૂં સાહિત્ય બતાવશો તો અમારા આચાર્યને આપેલું ઉપનામ ખુશીથી તેમને અર્પણ કરશું."

ભાષાની ઉત્પત્તિનો દાવો તો બંને વિદ્વાનો પોતે કરતા નથી. પરંતુ જૈનીઓ-એ ગુજરાતી ભાષાને પુષ્કળ પોષણ આપ્યાનું, તેને વૃદ્ધિ પમાડ્યાનું અને તેની માતા તુલ્ય પ્રાકૃત ભાષાને અપ્રતિમ માન આપ્યાનું તો એ બંને લેખકો કહે છે, અને તે અક્ષરશઃ સત્ય છે, એમ સિદ્ધ થયેલું છે.

" પ્રાકૃત ભાષાનું મહત્વ જૈનોમાંજ હતું, જૈનેતર અન્ય પ્રાકૃતને હલકી ગણી હલકા પાત્રોનેજ સોંપતા—જેમ જૈનબૌદ્ધ સિવાયના નાટકોમાં દેખાય છે તેમ. " આવી રા. રા. મનસુખલાલ રવજીભાઈની દલીલને રા. રા. મનસુખલાલ કીરતચંદ કેટલીક દલીલોથી જુદું રૂપ આપે છે. પરંતુ પ્રાકૃત ભાષાનું મહત્વ જૈનો જેટલું બીજામાં નહોતું એ ચોક્કસ હકીકત છે. કેમકે જૈનોના મૂળ આગમો અને બીજા અનેક ગ્રંથો જેટલા પ્રમાણમાં એ ભાષામાં છે તેટલા પ્રમાણમાં બીજા કોઈ પણ દર્શનના નથી. વળી જૈનેતર અન્ય પ્રાકૃતને હલકી ગણતા હતા એ વાત મનસુખ-લાલ રવજીભાઈજ લખે છે એમ નથી, પણ અન્ય સાક્ષરો પણ એ વાત કબુલકરે છે. **રા. રા. રમણભાઈ મહિપતરામ નીલકંઠ** જેઓ પ્રસિદ્ધ સાક્ષર છે તેઓ પરિષદ્‌ની અંદર આપેલા " **ગુજરાતી ભાષાનો આરંભ** " એ મથાળાવા-ળા લેખમાં લખે છે કે—

" બ્રાહ્મણો તો પ્રાકૃત ભાષાને હલકીજ ગણતા હતા, પ્રાકૃતને શિષ્ટ ભાષા તરીકે તેઓ કબુલ રાખતા નહીં + + + + બ્રાહ્મણોના ગ્રંથો સંસ્કૃત ભાષામાંજ લખાયા. નાટકમાં પણ તેમણે વિધિ કર્યો હતો કે શિષ્ટ પાત્રો પાસે સંસ્કૃત ભાષા બોલાવવી. "

આ હકીકત રા. રા. મનસુખલાલ રવજીભાઈના લેખને પુષ્ટિ આપે છે. પ્રસં-ગોપાત **ગુજરાતી** પત્રમાં લખનાર રસિક નામના ચર્ચાપત્રીના સંબંધમાં લખવાની જરૂર પડે છે કે એઓ જૈનોને હલકા પાડવા માટે લખે છે કે " જૈનો ભણેલાજ નહોતા, તેમના સાધુઓને બ્રાહ્મણોજ ભણાવતા હતા અને ગ્રંથો પણ

For Private And Personal Use Only